
# 76મા પ્રજાસત્તાક દિનની આપણી સંસ્થાઓમાં શાનદાર ઉજવણી



'અંકુર' સંસ્થા



PNR નટરાજ કોલેજ



કે. એલ. બહેરાં મૂંગા-શાળા




'રાષ્ટ્રીય ક્વિઝેબલ ક્વિઝ'માં વિજેતા વિદ્યાર્થીઓ

પેજ નંબર પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

**કોશિશ થી કામયાબી**

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

અંક નં. 146/512 | 15 ફેબ્રુઆરી, 2025

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27 | Monthly Date Of Publication : 15 February 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



પી.ટી. ડ્રેસ વિતરણ...



શ્રી જીતુભાઈ વાઘાણી તરફથી પતંગ વિતરણ...



બગદાણા પ્રવાસ...



દાતાશ્રીની મુલાકાત...



અલંગ પ્રવાસ...



નડિયાદ મુલાકાત...

# કોશિશ થી કામયાબી

આ અંકમાં...


01. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર 02
02. Index 03
03. 'રાષ્ટ્રીય ક્વિઝેબલ ક્વિઝ' 04
04. 76મા પ્રજાસત્તાક દિનની સંસ્થાઓમાં ઉજવણી 05
05. નટરાજ સી.પી. સ્કૂલ 06
06. કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ 08
07. દિશા કમ વિકાસ પ્રોજેક્ટ 09
08. PNR હોસ્પિટલ 10
09. પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર 10
10. અંબા સી.પી. હોસ્ટેલ 11
11. શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ 12
12. લાઈબ્રેરી કોર્નર - શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા 13
13. શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા 13
14. પી.આર.વી. વર્કશોપ 15
15. શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય 16
16. શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય 16
17. શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ 17
18. શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ 18
19. 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા 20
20. શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન 21
21. દાતાઓની યાદી 21
22. PNR તસ્વીર સમાચાર 23


## સંસ્થાનું ગૌરવ
## દિવ્યાંગ બાળકોની સિદ્ધિઓ

સાત દાયકા પહેલાં, વિવિધ પ્રકારના વિકલાંગ લોકોની વિપદા નિવારણનો આહલેક આપણી PNR અને સંલગ્નિત સંસ્થાઓએ જગાવેલ હતો. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રકારના લોકો માટે મહિમા મંડિત કરતો શબ્દ 'દિવ્યાંગ' પ્રયોજ્યો છે.

મિત્રો, આ દિવ્યાંગજનોની ધગશ; સમાજ, સરકાર અને દાતાઓના ઉમદા વિચારો, સહકાર અને અનુદાનોથી આપણી સંસ્થાઓનો શ્રમ સફળ થયો છે. કાર્યકર્તાઓ, કર્મચારીગણો અને થેરાપિસ્ટોના પ્રયત્નોથી દિવ્યાંગોએ પણ પોતાના કાર્યને દિપાવ્યું છે.

આપણી PNR સંલગ્નિત વિવિધ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ અહીં શિક્ષણ પ્રાપ્ત કરી સ્વરોજગાર કે નોકરી પ્રાપ્ત કર્યાના અસંખ્ય દાખલાઓ તો છે જ, પરંતુ સાથે જ તેઓએ ખેલકૂદ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ પણ સિધ્ધિઓ અને સન્માનો પ્રાપ્ત કર્યા છે.

તાજેતરમાં બેંગ્લોરમાં યોજાયેલી રાષ્ટ્રીય 'ક્વિઝેબલ ક્વિઝ' બૌધ્ધિક સ્પર્ધામાં PNR સંસ્થાના કૃણાલ આહિર અને કુ. દિયા ગોહિલે વિવિધ કેટેગરીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યા છે. જયારે દિવ્યાંગ કર્મચારી હિતેશ ઓઝા અને મેહુલ જાડા તથા AT&T ની પૂર્વ વિદ્યાર્થીની હિરલ ગોહિલે આ વર્ષે વિવિધ કેટેગરીમાં પ્રતિષ્ઠિત 'નંદિનીબેન પી. દિવેટીઆ એવોર્ડ' અને ધનરાહત પ્રાપ્ત કરી આપણી સંસ્થાને યશ અપાવ્યો છે, તેથી સંસ્થા સાથે સંકળાયેલ તમામ ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે અને વિજેતાઓને અભિનંદન પાઠવે છે.

- કિરીટ રાઠોડ

**'Contradictory as it seems, malnutrition is a key contributor to obesity'**

**- MADELEINE M. KUMIN**


Koshish Thi Kamyabi
RNI No.GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27, Monthly
- અંક નં.146/513
15 ફેબ્રુઆરી, 2025
- પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા
51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
ફોન : (0278) 2429326, 2420836
મો. 9499661694 / 9499557977
E-mail : info@pnrsocity.org
klinstitute.deaf@gmail.com
Visit us : www.pnrsocity.org
www.klinstitutedeaf.org

- તંત્રી
અનંત કે. શાહ
- સહ તંત્રી
અશ્વિન પંડ્યા
કિરીટ રાઠોડ
- પ્રિન્ટીંગ
ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ
- 'કોશિશ થી કામિયાબી' લવાજમ
આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150
- ચેક "શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈનિંગ
સાગર ચલાળિયા, ભાવનગર
- સંપાદક મંડળ
ફાલ્ગુની ખાટસુરિયા
ગજાનંદ ભટ્ટ
જ્યોતિ ભટ્ટી
આરિફ જેઠવા
પારસ શાહ
ભરત કનાડા
રાજેશભાઈ હકાણી



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A-4)

| | |
|---|---|
| બીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર : | રૂા.10,000 |
| ત્રીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર : | રૂા.10,000 |
| ચોથું ટાઈટલ પેજ-મલ્ટિ કલર : | રૂા.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર : | રૂા.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર : | રૂા.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર : | રૂા.1,500 |

# બેંગ્લોર ખાતે આયોજીત 'રાષ્ટ્રીય ક્વિઝેબલ ક્વિઝ'માં ઝળકતા ભાવનગરના દિવ્યાંગો

## 'પી.એન.આર. સોસાયટીના ત્રણ દિવ્યાંગ બાળકોએ મેળવી રાષ્ટ્રીય સિધ્ધિ'

દિવ્યાંગ બાળકો માટે પ્રતિ વર્ષ ક્વિઝેબલ ક્વિઝ સ્પર્ધાનું આયોજન થતું હોય છે, સ્થાનિક ઝોનલ, સ્ટેટ અને તે પછી રાષ્ટ્રીય સ્તરે આ સ્પર્ધા યોજાતી હોય છે. બેંગ્લોર ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં આ વખતે ભાવનગરની પી.એન.આર. સોસાયટી દ્વારા ભાગ લેવા ગયેલા ત્રણ દિવ્યાંગોએ રાષ્ટ્રીય સ્તરે નંબર મેળવી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ભાવનગરના દિવ્યાંગોએ ક્વિઝમાં રાષ્ટ્રીય સ્તરે સિધ્ધિ મેળવી હોય તેવી આ પ્રથમ ઘટના છે.

ગત વર્ષે ઓકટોબર માસમાં ગાંધીનગર ખાતે આયોજિત ઝોનલ ક્વિઝમાં રાજયભરના ૩૩ સ્પર્ધકો સાથેના જંગમાં વિજેતા બની ચાર બાળકો દિયા ગોહિલ, કુણાલ આહિર, ઉર્વશી ચૌહાણ અને મલ્હાર ટાપણિયાએ રાજયની ટીમમાં સ્થાન મેળવ્યું હતું. સ્પે. શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, ''સેવા એકશન, ક્વિઝેબલ દ્વારા સ્પેશ્યલ બાળકો માટે પ્રતિ વર્ષ આ ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન થાય છે.''

નેશનલ કોમ્પિટિશન માટે કવોલિફાઈડ થયેલા આ દિવ્યાંગ બાળકો ૧૧ જાન્યુઆરીએ બેંગ્લોર ખાતે આયોજીત રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા મદદનીશ શિક્ષક શ્રી બીનાબેન જાની અને વાલીઓ સાથે ગયાં હતાં. દિલ્હી, ચેન્નઈ સહિતના શહેરો અને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, કેરાલા સહિતના રાજયોમાંથી આવેલા ૫૦ દિવ્યાંગ બાળકો વચ્ચે ક્વિઝેબલ ક્વિઝની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં સી.પી. વિભાગમાં ભાવનગરના કુણાલ આહિરે સમગ્ર દેશમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો, જયારે મલ્હાર ટાપણિયાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત આઈ.ડી. વિભાગમાં દિયા ગોહિલે પણ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

આ ત્રણેય બાળકો પી.એન.આર. સોસાયટીના દિવ્યાંગો માટે કાર્યરત વિવિધ પ્રકલ્પો સાથે જોડાયેલાં છે. પ્રથમ ક્રમે વિજેતા થનાર કુણાલ આહિર અને દિયા ગોહિલને રૂા. ૨૫,૦૦૦/-નો પુરસ્કાર, મોબાઈલ ફોન તથા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સંસ્થાનું નામ રોશન કરવા બદલ પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટીઓ, નટરાજ સી.પી. સ્કૂલના શિક્ષકો તથા વિવિધ પ્રોજેકટના સંચાલકોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, સ્પર્ધા પૂર્ણ થયા બાદ ૧૨ જાન્યુઆરીએ આ બાળકો તથા વાલીઓને 'સેવા ઈન એકશન' સંસ્થા દ્વારા બેંગ્લોર સીટીના વિવિધ સ્થળોની મુલાકાતે પણ લઈ જવાયાં હતાં. ડો. વિશ્વેસરૈયા મ્યુઝિયમ, નહેરુ પ્લેનેટોરિયમ જેવા સ્થળો જોઈ બાળકો ખૂબ આનંદિત થયાં હતાં.

# 'વિકલાંગ પુનર્વસન પારિતોષિકથી સન્માનિત થતા હિતેશ ઓઝા'

## સ્વંય દિવ્યાંગ હોવા છતાં દિવ્યાંગો માટે સતત કાર્યરત છે આ યુવાન

શારીરિક અને માનસિક દિવ્યાંગતા પીડાજનક હોય છે, પરંતુ જો યોગ્ય દિશા મળે અને મહેનતની તૈયારી હોય તો કશી જ સમસ્યા, સફળતાને આડે આવતી નથી. આનું ઉદાહરણ છે હિતેશ ઓઝા. રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ, અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ **નંદિનીબેન પી. દિવેટીઆ ગ્રામીણ વિકલાંગ પુનર્વસન પારિતોષિક** જાહેર કરવામાં આવે છે. આ વર્ષે ૨૦ જાન્યુઆરીના રોજ આ એવોર્ડ પી.એન.આર. સોસાયટીમાં કોમ્પ્યુટર ઓપરેટર હિતેશ ઓઝાને એનાયત થયો છે.

અમદાવાદમાં યોજાયેલ સમારોહમાં પૂજય વિદીતાત્માનંદજી સ્વામીજીના હસ્તે 'નંદિનીબેન પી. દિવેટીઆ ગ્રામીણ વિકલાંગ પુનવર્સન પારિતોષિક' હિતેશ ઓઝાને એનાયત થયો હતો. વર્ષ ૨૦૨૪માં ગ્રામ્ય ક્ષેત્રના વિકલાંગો માટે કાર્ય કરવા બદલ તેમનું આ સન્માન કરવામાં આવ્યું હતું. પી.એન.આર. સોસાયટીના ટ્રસ્ટીઓએ હિતેશને અભિનંદન પાઠવ્યાં હતાં. આ પહેલા પણ તેઓ ૨૦૧૫માં પી.એન.આર. સંસ્થા દ્વારા **શ્રેષ્ઠ કર્મચારી** તરીકે, ૨૦૧૭માં એ.ટી. એન્ડ ટી. ના **સફળ તાલીમાર્થી** તરીકે અને ૨૦૨૨માં પાર્થ યુવા મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા, **શ્રેષ્ઠ દિવ્યાંગ** તરીકે એવોર્ડથી સન્માનિત થયાં હતાં.

લોકોમોટર દિવ્યાંગતા ધરાવતો આ યુવાન છેલ્લાં ૧૩ વર્ષથી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે પી.એન.આર. સોસાયટીમાં દિવ્યાંગો માટેના જ વિવિધ કામ સફળતાપૂર્વક સંભાળી રહ્યો છે. સંસ્થાના વહિવટી કામ ઉપરાંત, નેશનલ ટ્રસ્ટની નિરામયા હેલ્થ પોલિસીનું કામ પણ તેને હાથ ઉપર લીધું અને ૨૦૦૦થી વધુ દિવ્યાંગોને તેણે આ યોજનાના લાભાર્થી તરીકે જોડયાં છે. નમ્ર, નિયમિત અને મૃદુભાષી હિતેશ ઓઝા, આજે પી.એન.આર. સોસાયટીના મેગેઝિનનું ટાઈપિંગ, પરિપત્રોનું ટાઈપિગ, કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી તથા સંસ્થાના વહિવટી કામો સંભાળી રહયો છે.

# 76મા પ્રજાસત્તાક દિનની સંસ્થાઓમાં ઉજવણી

## PNR સોસાયટી



PNR સોસાયટી સંચાલિત, નટરાજ કોલેજના પરિસરમાં સ્વતંત્ર ભારતના 76મા પ્રજાસત્તાક દિનની આન, બાન અને શાનથી ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના સ્વાગત પ્રવચન બાદ, પરેડ કમાન્ડર શ્રી લાલજીભાઈ પંડયાએ સમારંભના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ હકાણી (ટ્રસ્ટીશ્રી, PNR સોસાયટી) ના વરદ હસ્તે સલામી અને રાષ્ટ્રગીત સાથે ધ્વજવંદન કરાવેલ હતું. ત્યારબાદ શ્રી રાજેશભાઈએ પ્રજાસત્તાક દિનનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું.

દિવ્યાંગ તથા સમધારણ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિ ગીત અને યોગ ડાન્સ રજૂ કર્યા અને પધારેલ મહાનુભાવો દ્વારા રજની આર્ટ કાર્નિવલ કોમ્પિટિશન, લાઈબ્રેરી બેસ્ટ રીડર એવોર્ડ, નંદિનીબેન પી. દિવેટીઆ એવોર્ડ, સ્પોર્ટસ મીટ, રંગોત્સવ જેવી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ તથા કીટ વિતરણ સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જિજ્ઞાબેન સોલંકી દ્વારા કરાવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી રાજેશભાઈ હકાણી, શ્રીમતી હર્ષાબેન હકાણી, શ્રી વર્ષાબેન કિરીટભાઈ મહેતા, મહામંત્રી શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, ડો. પ્રવિણભાઈ ગોસાઈ તથા સી.પી. સ્કૂલ અને કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ, આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન શ્રી તેજસ્વીબેન ગોહિલ અને આભાર વિધિ કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હિતેનભાઈ પંડયા દ્વારા કરવામાં આવી હતી.

## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક, માધ્યમિક અને ટીચર્સ ટ્રેનિંગ કોલેજ એમ ત્રણેય વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી શાળાના પટાંગણમાં કરવામાં આવી હતી. પ્રજાસત્તાક પર્વ એ સ્વચ્છતા નહી પણ નિયમ મુજબની સ્વછંદતાની સમજ આપે છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ આપણું બંધારણ ઘડાયું, ત્યારથી લઈને અત્યારે ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભારતભરમાં ભવ્યાતિભવ્ય રીતે થઈ રહી છે.



આજના પ્રજાસત્તાક પર્વમાં ધ્વજવંદન કર્મવીર શ્રી દિનેશભાઈ સોલંકીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ, પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, સહમંત્રી શ્રી અમિતભાઈ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ અને શ્રી આનંદભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા, શ્રી મહાસુખભાઈ જકડિયા, તેમજ ત્રણેય વિભાગના વડાઓની હાજરી પ્રેરક રહી હતી. કાર્યક્રમના અંતે નાસ્તાની વ્યવસ્થા શાંતાબેન હર્ષદભાઈ શાહના હસ્તે શ્રી સમીરભાઈ શાહ તરફથી કરવામાં આવી હતી. ધ્વજવંદનના મુખ્ય મહેમાન શ્રી દિનેશભાઈ સોલંકી તરફથી દરેક બાળકોને ચોકલેટ વિતરણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્ય ડો. ધવલભાઈ વ્યાસે કરેલ, તેમજ સંચાલન શ્રી ગજાનંદભાઈએ કર્યું હતું.

## 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ખાતે સંપૂર્ણ આન-બાન અને શાનની સાથે ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી પ્રસન ખેમકા (ચંદન સોલ્ટ વર્કસ પ્રા. લિ.) ના વરદ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી અને તેમાં વિજેતા થયેલ બાળકોને ઈનામો આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શાળાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ અને શ્રી ડી.જે. ધંધુકિયા, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. ધ્વજવંદન વિધિ શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે, રમતનું સંકલન શિક્ષક શ્રી પારસભાઈ પરમારે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધિ શ્રી હિનાબેન ગળથરિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સુંદર રીતે સંપન્ન થયો હતો.



# ‘નટરાજ’ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## સી.પી. મેગા અસેસમેન્ટ કેમ્પ



તા. ૪/૫-૧-૨૦૨૫ના રોજ સંસ્થામા **મેગા અસેસમેન્ટ કેમ્પ**નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ મેગા અસેસમેન્ટ કેમ્પનો ઉદ્દ્ઘાટન સમારંભ સમાજ સુરક્ષા ખાતા, ભાવનગરના શ્રી એસ.વી. ચૌધરી સાહેબ (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. જેમાં પ્રથમ ડી.એસ.ઈ. (એમ.ડી.)ની તાલીમાર્થીઓ દ્વારા ‘જીવન અંજલી થાજો’ પ્રાર્થના, અભિનયગીતના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી, ત્યારબાદ સી.પી. સ્કૂલના નાના ભૂલકાઓ દ્વારા ‘એક મજાનો માળો અભિનય ગીત રજૂ કરી બધાને મંત્રમુગ્ધ કરી દિધા હતા.આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીએ કેમ્પની સવિસ્તાર માહિતી આપેલ. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ સાથે ટોકન ઓફ લવથી ઉષ્માપૂર્ણ સ્વાગત કરેલ, સાથે શ્રી એસ.વી.ચૌધરી સાહેબ, શ્રી ભગીરથસિંહ, શ્રી પારસભાઈ, શ્રી ધંધુકિયા સાહેબ, શ્રી બાબાભાઈ, શ્રી જીજ્ઞાબેન, ડો. કવિતાબેન તથા કેમ્પમાં આમંત્રિત એક્સ્પર્ટ ફેકલ્ટીની ટીમ દ્વારા દીપ પ્રાગટય કરી, દિવ્યાંગ બાળકો માટે કેમ્પ ખુલ્લો મુકવામાં આવેલ શ્રી વરુણભાઈ વ્યાસ દ્વારા આભાર વિધી અને શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો. બ્રિજેશ મિશ્રા, ડો. દીપક ગંજીવાલા, ડો. કેલ્વિન પટેલ, ડો. મૃત્યુંજય મુકુંદ (ઓકયુપેશનલ થેરાપી ટીમ), ડો. અમિતકુમાર મૌર્ય, ડો. અનિલકુમાર સિંધ, ડો. અંબર ગુપ્તા, શ્રી રિજવાન સૈયદ (સ્પિચ થેરાપી ટીમ) તેમજ સ્પેશ્યલ એજ્યુકેટરમાં શ્રી જયેશભાઈ ધંધુકિયા, ડો. કવિતાબેન શાહ, શ્રી બિલાલ સુફિયાન સિંધી, શ્રી અજીતકુમાર વિશ્વકર્માએ સેવા સાથે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ કેમ્પ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી વરૂણભાઈ વ્યાસે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

## ચિત્ર સ્પર્ધા

તાઃ ૧૨-૧ના રોજ શ્રી રજનીભાઈ કનાડા મેમોરિયલ ફાઉન્ડેશન આયોજીત “રજની આર્ટ કાર્નિવલ” ઓપન ભાવનગર **ચિત્રકલા / રંગપૂરણી સ્પર્ધા** નું આયોજન કરેલ, જેના અંતર્ગત નટરાજ




સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ તથા ઓટિઝમ પ્રોજેકટના કુલ ૧૧ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ સ્પર્ધામાં તમામ વિદ્યાર્થીઓને આકર્ષક ઈનામ, મેડલ તથા સર્ટિફીકેટ આપી પ્રોત્સાહિત કરવામા આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે મદદનિશ શિક્ષક તૃપ્તિબેન મહેતા, વિશિષ્ટ શિક્ષક શ્રી માધવીબેન વાળા તથા શ્રી ગાયત્રીબા ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઉત્તરાયણની ઉજવણી



તાઃ ૧૧-૧ ના રોજ શાળામાં **મકરસંક્રાંતીની ભવ્ય ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ સાથે કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલના ભૂલકાઓએ રંગબેરંગી પતંગ ચગાવી, સ્વતંત્રતાનો આનંદ માણ્યો હતો. રંગબેરંગી દોરી સાથે પેચ લડાવી આહલાદક ખુશીનો સ્વાદ માણ્યો હતો. વ્હિલચેર વાળા બાળકોએ પણ પતંગોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ ખરાં અર્થમાં ઉજવણી કરી હતી.

## ઓર્થોસિસ કેમ્પ

તા. ૧૧-૧ ના રોજ **ઓર્થોસિસ કેમ્પ**નું સુંદર અને અત્યાધુનિક આયોજન કર્યુ હતું. જેમા અમદાવાદના સિનિયર મોસ્ટ શ્રી જીજ્ઞેશભાઈ

ઝાલા (શ્રીજી ઓર્થોપેડિક્સ) દ્વારા પ્રોસ્થેટિસ્ટ અને ઓર્થોટિસ્ટ બાળકોની યોગ્ય તપાસ અને નિદાન દ્વારા ઓર્થોસિસ માટે સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે દરેક દિવ્યાંગ બાળકને યોગ્ય સારવારનાં ભાગ રૂપે ઓર્થોસિસ મળે, જેથી તેઓ પોતાની રોજીંદા જીવનમા સફળતાની સાથે સલામતીથી હલન ચલન કરી શકે, રોજીંદી ક્રિયાઓ કરી શકે.

આ કેમ્પમા સી.પી. સ્કૂલ, અન્ય પ્રોજેકટ તથા ઓ.પી.ડી.ના કુલ ૨૫ દિવ્યાંગોએ લાભ લીધેલ. દરેક લાભાર્થીના યોગ્ય ઓર્થોસિસ માટેના સચોટ માપ લેવામાં આવ્યાં હતાં. સાથે આગળના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે ફિઝીયોથેરાપીસ્ટ ડો. કૃણાલ મિસ્ત્રી દ્વારા આ કેમ્પનું કો-ઓર્ડિનેશન અને સંચાલન કરવામાં આવ્યું હતું. સાથે ડો. વિધીબેન વાંકાણી અને ડો. ભાર્ગવીનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## તળાજામાં દિવ્યાંગ બાળકો દ્વાર "પતંગોત્સવ"

પી.એન.આર. સોસાયટી સંચાલિત શ્રી એન. આર. શાહ મેરોરિયલ હોસ્પિટલ તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તથા મંદબુદ્ધિ-દિવ્યાંગ બાળકોના સારવારના કેન્દ્ર ઉપર "પતંગોત્સવ" તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. તેમાં બાળકોને પતંગ-ફિરકી—શિયાળુ પાક, તેમજ સુકા નાસ્તાનું વિતરણ કરી ઉજવણી કરવામાં આવી હતી, ત્યારે દિવ્યાંગ બાળકોના ચેહરા ઉપર અનોખું સ્મિત જોવા મળી રહયું હતું. કાર્યક્રમનું સંચાલન સેન્ટરના પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજયુકેટર) દ્વારા કરવામાં આવ્યું હતું.

## PNR વોકેશનલ એક્ટિવિટી ડીપાર્ટમેન્ટ પ્રોજેકટ



તાઃ ૩-૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ **વાઈબ્રન્ટ ભાવનગર વિઝન ૨૦૩૦ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિઅલ એક્સ્પો** ખાતે યોજાયો હતો. એક્ઝિબિશનમાં આપણી સંસ્થાના દિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત ઓર્ગેનિક સાબુ, પરફ્યુમ, અગરબત્તી, ધુપસ્ટિક, શાવર જેલ, ચોકલેટ, તોરણ, ડ્રેસિંગ, ટોટબેગ તેમજ કલાત્મ આઈટમનું વેચાણ કમ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. જેમાં શ્રી શિતલબેન દવે, શ્રી દીપ્તીબેન રાજયગુરૂ અને શ્રી રીનાબેન વસોયાએ સંસ્થામાં દિવ્યાંગ બાળકો દ્વારા બનાવેલ વિવિધ વસ્તુઓનુ વેચાણ અને પ્રદર્શન કરવામાં સેવા અને સહયોગ આપ્યો હતો.

# DSE M. D.



✍ દિવ્યાબેન પટોરિયા

## મેગા અસેસમેન્ટ કેમ્પ

તા. ૪/૫-૧ ના રોજ સંસ્થામા મેગા અસેસમેન્ટ કેમ્પનું આયોજન કર્યુ હતુ જે દરમ્યાન શ્રી દિવ્યાબેન પટોરિયાએ દિવ્યાંગ બાળકોનું સ્પેશ્યલ એજયુકેશનનું એસેસમેન્ટ માટે શ્રી જયેશભાઈ ધંધુકિયા સાથે કામગીરી કરી હતી. તેમજ ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ આ કેમ્પમાં દિવ્યાંગ બાળકોને એસેસમેન્ટ માટે મદદરૂપ થયાં હતાં.

## ઈન્ટરનલ પ્રેક્ટિકલ પરિક્ષા

તા. ૨૩ થી ૩૧-૧૨ દરમ્યાન ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની થીયરી પરીક્ષા અને તા. ૨-૩/૧/૨૦૨૫ દરમ્યાન પ્રેક્ટિકલ પરીક્ષા યોજાઈ હતી.

## ઈન્ટર્નશીપ

કોલેજમાં ડી.એડ. (એમ.ડી.) ૨૦૨૨-૨૦૨૪ ની બેચના તાલીમાર્થીઓન ઈન્ટરશીપ નટરાજ સી.પી. સ્કૂલમાં તા.૧૫/૬/૨૦૨૪ થી તા.૬/૧૨/૨૦૨૪ યોજાઈ ગઈ.

## કેમ્પ 'અંકુર' મંદબુદ્ધિ સ્કૂલ વિઝિટ

તા. ૧૮-૧૦ ના રોજ ટી.ટી.સી. (એમ.ડી.)ના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને 'અંકુર' મંદબુદ્ધિની સ્કૂલની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં સ્કૂલના બાળકો અને તાલીમાર્થીઓએ પ્રાર્થના અને બાળસભામાં ભાગ લીધો હતો. ત્યારબાદ સ્કુલના અલગ-અલગ વિભાગ જેવા કે ફિઝિયોથેરાપી, ઓકયુપેશનલ થેરાપી, એ.ડી.એલ. રૂમ, મ્યુઝિક થેરાપી, ખેલ-મેદાન અને ટી.ટી.સી. (આઈ.ડી.) વિભાગની મુલાકાત લીધી હતી. તેમજ સ્કૂલના વર્ગખંડ, તેમજ વર્ગ વ્યવસ્થા અંગેની માહિતી તાલીમાર્થીઓએ પ્રાપ્ત કરી હતી.

# કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા



સ્કૂલમાં તા. ૨૬-૧૧ ના રોજ **સ્વામી વિવેકાનંદ લેખિત ક્વિઝ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૯ થી ૧૨ ના કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પુસ્તકો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ શાળા કક્ષાએ ધો. ૧૧ આર્ટસની વિદ્યાર્થીની પંડયા વિદ્યાબેન વિપુલકુમારે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. ત્યાં તેને સ્વામી વિવેકાનંદના પુસ્તકો આપી સન્માનિત કરવામાં આવી હતી. જયારે શાળા કક્ષાએ ૫૦% કે તેથી વધુ માર્ક મેળવનારને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રકારની સ્પર્ધા યોજવાનું મુખ્ય હેતુ દરેક વિદ્યાર્થીઓએ આ મહાન પુરુષમાંથી પ્રેરણા મેળવવાનો છે.

## સંસ્થા મુલાકાત

રાજુલા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલય તથા શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટસ કોમર્સ કોલેજની એન.એસ.એસ. યુનિટની કુલ ૧૦૫ બહેનોએ ભાવનગર સ્થિત પી.એન.આર. **સંસ્થાની મુલાકાત** લીધી હતી. ફાઉન્ડર શ્રી અનંતભાઈ શાહ તથા ટ્રસ્ટી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ દ્વારા બહેનોને આવકાર સાથે સંસ્થાનો હેતુ તથા કાર્ય અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. શ્રી કેતનભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી ખેવનાબેન તથા શ્રી હિતેનભાઈ પંડયાએ નટરાજ કોલેજ, અંધ ઉદ્યોગ શાળા, હાઈટેક સ્કૂલ તથા અંકુર સ્કૂલના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની તલસ્પર્શી માહિતી આપી હતી. વિદ્યાર્થીની બહેનોએ આ ખૂબ સરસ જાણકારી બદલ પી.એન.આર. સંસ્થાનો આભાર વ્યકત કર્યો હતો.

## 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'




સ્કૂલમાં **'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'**ની ઉજવણી અંતર્ગત તા. ૨૪-૧૨ ના રોજ ધો. ૪ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓએ અલગ-અલગ સ્લોગન જેવા કે, ''જાગો ગ્રાહક જાગો'', ''સુરક્ષા નિયમો કા કરો સન્માન; ના હોગી દુર્ઘટના, ના હોગે આપ પરેશાન'', ''જાગો ગ્રાહક જાગો બિલ કે બિના મત ભાગો'' વગેરે લખ્યાં હતાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રેલી પણ કાઢવામાં આવી હતી. ગ્રાહકોમાં જાગૃતિ આવે અને લોભામણી જાહેરાતો, સેલ અને ગ્રાહકો સાથે થતી છેતરપિંડીથી સાવધાન રહેવા અંગેના સૂત્રોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું.

## સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપ



કરાટે એકેડમી જાપાન ગુજુરીયુ ઈન્ડિયા શ્રી પ્રદીપભાઈ પારેખ દ્વારા **સ્ટેટ કરાટે કોમ્પિટિશન**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતી ધો. ૧૦ની વિદ્યાર્થીની વાઘેલા ક્રિનલ અજયભાઈ ૫૦ થી ૫૫ કિલો ના ગ્રુપમાં દ્વિતીય ક્રમાંક સાથે સિલ્વર મેડલ તેમજ ધો. ૭ની વિદ્યાર્થીની ડાંખરા પ્રિયા અલ્પેશભાઈ ૪૦ થી ૪૫ કિલો ના ગ્રુપમાં દ્વિતીય ક્રમાંક સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ કોમ્પિટિશન રમવા માટે કુલ ૪૫૦ વિદ્યાર્થીઓ આવેલ. તેમાંથી આપણા બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ ચેમ્પિયનશિપ વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્ત કેળવાય, તેમજ સેલ્ફડિફેન્સ પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની આ બંને વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાએ શુભેચ્છા પાઠવીને પ્રોત્સાહિત કરી હતી. આ ટુર્નામેન્ટનું આયોજન અને સંચાલન ઈન્ટરનેશનલ કરાટે સંસ્થાના ચીફ ઈન્સ્ટ્રકટર શ્રી પ્રદીપભાઈ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આયોજનને સફળ બનાવવા ઈન્ટરનેશનલ કરાટે સંસ્થાના બ્લેક બેલ્ટ ઈન્સ્ટ્રકટર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## વાહનવ્યવહાર માર્ગ સલામતી કાર્યક્રમ




સ્કૂલમાં તા. ૮-૧ ના રોજ 'પરવાહ' થીમ પર 'વાહનવ્યવહાર માર્ગ સલામતી કાર્યક્રમ' ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ યોજવાનો મુખ્ય હેતુ યુવાનોમાં રહેલી બેદરકારીને લીધે થતા અકસ્માતને કારણે મૃત્યુથી કઈ રીતે બચી શકાય ? તે હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ભાવનગર આર.ટી.ઓ. ઈન્સ્પેકટર શ્રી મનનભાઈ મકવાણા તથા શ્રી અમિતભાઈ, તેમજ શાળાના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, બંને શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, શ્રી કે.કે. અજમેરા ટીચર ટ્રેનિંગ કોલેજમાં અભ્યાસ કરતા B.Ed.Spl.Ed. (HI) ના તાલીમાર્થીઓ અને ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીતથી કરવામાં આવી. ત્યારબાદ મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું અને શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ દ્વારા પ્રસંગોચિત ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. RTO ઈન્સ્પેકટર શ્રી મનનભાઈ મકવાણાએ ભારતમાં તેમજ ગુજરાતમાં વર્ષ દરમિયાન માર્ગ અકસ્માત કેટલા થયા છે ? અને કેટલા મૃત્યુ પામે છે ?, માર્ગ અકસ્માત થવાના કારણો, ડ્રાઈવિંગ કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું ?, માર્ગ પરની વિવિધ નિશાનીઓ શું સંકેત આપે છે ?, ફરજિયાત નિશાનીઓ, અલગ-અલગ ચિન્હોની અમૂલ્ય માહિતી PPT દ્વારા આપી, વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતાં. તેમજ વિદ્યાર્થીઓ લાયસન્સ માટે કયારે એલીજેબલ બને તેની માહિતી આપી હતી. અંતમાં લોકોની બેદરકારીને કારણે થતા અકસ્માતની વિડીયો ક્લિપ બતાવવામાં આવી હતી.

## TECHMANJARI-2025 ની મુલાકાત

સ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તા. ૧૦-૧ ના રોજ જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી ખાતે યોજાયેલ. **TECHMANJARI-2025 ની મુલાકાત** લીધી હતી. ત્યાંની ટીમ દ્વારા દરેક વિદ્યાર્થીઓને મોડેલો, એપ્લિકેશન, પ્રોજેકટો, ઈનોવેટિવ, પ્રયોગો તેમજ તેઓ જે તે વિષય પર એકસપેરિમેન્ટ કરે છે તેનાથી માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં હોમ મેડ વસ્તુઓ જેવી કે, ચોકલેટ, કેન્ડલ, ઈન્ક, સાબુ વગેરેનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું તેમજ તેનું સેલિંગ પણ કરવામાં આવ્યું હતું. આ ઈનોવેટિવ કાર્યક્રમમાં નોર્મલની સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પણ ખૂબ જ ઉત્સાહભેર સામેલ થઈ માહિતી મેળવી હતી.

**નોંધ :** ઉપરોકત તમામ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા અને શ્રી દક્ષાબેનના માર્ગદર્શન હેઠળ દરેક શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
# દિવ્યાંગો માટે આશા કિરણ



✍ અમિત મિત્રા

## વોકેશનલ એક્ટિવિટી :

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ડિસેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં **પાવરજેલ, નાનખટાઈનું પેકિંગ કરતા અને ચોકલેટનું પેકિંગ કરતા** બાળકોને શીખવવામાં આવ્યું હતું.

## લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :

તા. ૨૪-૧૨ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ.પ્રોજેકટ અંતર્ગત જાન્યુઆરી માસમાં તા. ૭-૧ ના રોજ બેંગ્લોર ખાતે કિવઝેબલ્ડ ટુર્નામેન્ટમાં બાળકોને જવા બાબત, સી.પી. સ્કૂલ અંતર્ગત આગામી માસમાં તા. ૪-૫/૧ ના રોજ મેગા અસેસમેન્ટ કેમ્પમાં ભાગ લેવા બાબત, અને પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેવા બાબત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# PNR હોસ્પિટલ

**ડિસેમ્બર 2024 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

✍ મહાસુખભાઈ જકડિયા



| વિભાગ | તપાસેલ દર્દીની | પ્રોસિજર | ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|
| ● ઓર્થોપેડિક | ૧૯૫ | ૦૪ | - |
| ● આંખ | ૧૬૫૦ | - | ૪૮૬ |
| ● છારી | ૫૫ | - | - |
| ● ઈ.એન.ટી. | ૩૧૪ | ૧૮૭ | ૦૫ |
| ● હેર ટ્રાન્સપ્લાન્ટ | ૧૦ | - | ૦૫ |
| ● આર્થોસ્કોપી | ૩૯ | - | ૦૧ |
| ● ડેન્ટલ | ૧૬૫ | ૧૯૮ | - |
| ● લેબોરેટરી | ૬૩૨ | ૨૨૫૪ (ટેસ્ટ) | - |
| ● પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | - | - |
| ● ચામડી | ૩૮ | - | - |
| ● પ્લાસ્ટિક સર્જરી | ૩૮ | - | ૧૧ |

| વિભાગ | તપાસેલ દર્દીની |
|---|---|
| ● જનરલ ઓપીડી | ૯૧૧ |
| ● એક્ષ-રે | ૬૮ |
| ● આંખના પડદા | ૪૦ |
| ● M. D. ફિઝીશ્યન | ૧૫ |

- આ માસ દરમિયાન કુલ ૫૨૪૧ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.
- આ માસમાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ કુલ ૧૫૪ લાભાર્થીઓએ રૂા. ૨૩,૭૬૦/- ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ ૧૭ લાભાર્થીઓએ રૂા. ૨,૪૬૦/- ની સહાય મેળવેલ છે.

## PNR હોસ્પિટલમાં કાર્યરત ડોકટરશ્રી

**"દર્દીઓની યોગ્ય સેવા થઈ શકે તે જ મારા જ્ઞાનનો યોગ્ય ઉપયોગ" : ડો. હર્ષા મહેશ્વરી**



**ડો. હર્ષાબેન મહેશ્વરી (ઓપ્થલમિક સર્જન)**

પી.એન.આર. હોસ્પિટલ દર્દી નારાયણની સેવા માટે પ્રતિબધ્ધ છે. નિદાન, સારવાર અને સર્જરી આ ત્રણેય માટે ઉત્તમ સુવિધા અને સેવા મળી રહે તે માટે ટ્રસ્ટીઓ, કર્મચારીઓ તથા તબીબી ટીમ સતત સેવારત હોય છે. આ ટીમના એક છે ડો. હર્ષાબેન મહેશ્વરી (ઓપ્થલમિક સર્જન).

ડો. હર્ષાબેન મહેશ્વરી ૨૦૨૨થી પી.એન.આર. સાથે જોડાયેલાં છે. સોમ થી શુક્ર, સવારે ૧૧:૩૦ થી ૧ પી.એન.આર. હોસ્પિટલ, વિદ્યાનગર, ખાતે સેવા આપી રહ્યાં છે. ડો. હર્ષાબેન મહેશ્વરી કહે છે, "અભ્યાસ પૂર્ણ થતા જ આ સેવાભાવી સંસ્થામાં કાર્યરત થવાનો મોકો મળ્યો, તેને ઈશ્વરીય સંકેત સમજુ છું. અમને ભગવાન ગણીને અમારી પાસે આવતા દર્દીઓની યોગ્ય સેવા થઈ શકે, તે જ મારા જ્ઞાનનો યોગ્ય ઉપયોગ છે, તેમ હું સમજુ છું." ડો. હર્ષા મહેશ્વરી દ્વારા છેલ્લાં બે વર્ષમાં ૨૦૦૦થી વધુ સફળ આઈ સર્જરી થઈ છે અને આ સેવા યજ્ઞ અવિરત શરૂ છે. તેઓ લોઢાવાળા હોસ્પિટલ ખાતે પણ સેવા આપે છે.

# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

✍ જીજ્ઞેશ પારેખ



## 1. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા.3 થી 11 ડિસેમ્બર ̀24 ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે,પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન,દાતાશ્રી LKP FINANCE LTD., MUMBAI ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા, જરૂરિયાતમંદ 38 બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી. તે પૈકી 4 કપાયેલાં હોઠ, 3 તાળવામાં કાણું અને 4 હાઈપોસ્પેડિયા એમ કુલ 11 ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા(પ્લાસ્ટિક સર્જન),ડૉ. નિરવ ધોળકિયા અન ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## 2. ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :

PNR સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં, ઈમ્પેકટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેકટ શરૂ કર્યો છે. આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જવાળા બાળકોને, ડોકટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.

ડિસેમ્બર `૨૪ દરમિયાન ગારીયાધાર, ઉમરાળા જિલ્લાના પ્રાથમિક શાળાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૯૧૯૬ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની રિફ્રેક્ટિવ એરરવાળા ૫૦૫ જોવા મળ્યાં હતાં અને કાનની વિવિધ તકલીફવાળા ૨૪૭ બાળકો જોવા મળ્યાં હતાં.

ENT કેમ્પ તા. ૧૮-૧૨ ના રોજ શિહોર તાલુકાની કેન્દ્રવર્તી સ્કૂલ ૨ ખાતે એક ENT કેમ્પનું આયોજન કરેલ. તેમાં શિહોર તાલુકાના તમામ ગામની કેન્દ્રવર્તી સ્કૂલ અને તેની પેટા શાળાના કાનની તકલીફવાળા ૧૩૮ બાળકોને બોલાવવામાં આવ્યાં હતાં. જેમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) એ ૭૮ બાળકોને તપાસી, પ્રિસ્ક્રાઈબ કર્યા તે મુજબ દવા આપવામાં આવી હતી. કાનની તકલીફવાળા બાળકોને PNR હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે ૨૭ બાળકોને રિફર કર્યા, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા ૦૫ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.

### 3. Lady Egremont Pediatric Ophthalmic Centre :

ત્રાંસી આંખનું ઓપરેશન બાળકની અમુક ઉંમર કે દેખાવાની દ્રષ્ટિ હોય તે દરમિયાન જો ન કરવામાં આવે તો બાળક ધીરે-ધીરે જોવાની દ્રષ્ટિ ગુમાવે છે. ત્રાંસી આંખ ચહેરાની સુંદરતાને મારી નાખે છે. આ બધું તો ઠીક, પરંતુ જયારે નાના બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, આંખમાં ફૂલુ વગેરે તકલીફ હોય ત્યારે બાળકને ખૂબજ મુશ્કેલી પડતી હોય છે. આ ઉપરાંત આ ઓપરેશન ખૂબજ ખર્ચાળ હોય છે, જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોય, તેઓ કરાવી શકતા નથી. બધી



સમસ્યાનું સમાધાન પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ સહકારથી, પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામ દ્વારા સારવાર-નિદાન અને ઓપરેશન થાય છે, અને તે પણ નિઃશૂલ્ક. Lady Egremont Pediatric Ophthalmic Centre, PNR હોસ્પિટલમાં કેમ્પ તા. ૨૨ નવેમ્બરના રોજ ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. ના આર્થિક સહયોગથી ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન PNR હોસ્પિટલમાં મુંબઈના જાણીતા Pediatric Ophthalmic Surgeon, Dr. Janak Shah (M.B. Do. Bom.), (DO. M.S. Bom.) અને Dr. Preeti Shah આવ્યાં હતાં. જેમાં જન્મજાત ખામીવાળા ૩૮ બાળકોની તપાસ Dr. Janak Shah અને Dr. Preeti Shah Pediatric Ophthalmic સર્જન દ્વારા કરવામાં આવી હતી. જે પૈકી ત્રાંસી આંખ-૨, ટોસીસ-૧, નિસ્ટેગ્મશ (ઈન્જેકશન ટ્રાયસેન્સ)-૩, ફંડશ એન્ડ રિફ્રેકશન-૪ એમ કુલ ૧૦ ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં ખૂબ જ સારો લોક પ્રતિભાવ મળેલ. આ કેમ્પને સફળ બનાવવામાં ડો. જનક શાહ તેમજ પી.એન.આર. હોસ્પિટલ સ્ટાફ તથા એનેસ્થેટિક ડોકટર્સ તથા પ્રિવેન્શન વિભાગના શ્રી જિજ્ઞેશ પારેખ, મનસુખ દિહોરા, વિનોદ પરમારે સારી એવી જહેમત લીધી હતી.

# અંબા સી.પી. હોસ્ટેલ

## ડિસેમ્બર-૨૦૨૪ - જાન્યુઆરી-૨૦૨૫



✍ લાલજીભાઈ પંડ્યા

નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવગંત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ.

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૦-૧૨ ના રોજ શ્રી પ્રતાપસિંહ ગોહિલ...
- તા. ૧૯-૧૨ ના રોજ શ્રી ચિરાગભાઈ પટેલ...
- તા. ૨૫-૧૨ ના રોજ શ્રી કૃણાલભાઈ મિસ્ત્રી...
- તા. ૩૦-૧૨ ના રોજ શ્રી રમેશચંદ્ર પ્રેમશંકરભાઈ પંડયા...
- તા. ૨-૧ ના રોજ શ્રી ભગીરથસિંહ ગોહિલ...
- તા. ૩-૧ ના રોજ શ્રી કૈલાસબા ગોહિલ...
- તા. ૬-૧ ના રોજ શ્રી નઝીરભાઈ તરૈયા...
- તા. ૧૦-૧ ના રોજ શ્રી શિવાભાઈ દાઠા...
- તા. ૧૦-૧ ના રોજ શ્રી હાર્દિકભાઈ વાઘેલા...
- તા. ૧૧-૧ ના રોજ શ્રી યશપાલસિંહ ગોહિલ...

### નાસ્તો :

- તા. ૧૬-૧૨ ના રોજ શ્રી પંકજભાઈ પંડયા...
- તા. ૧૭-૧૨ ના રોજ શ્રી જયંતિલાલ ગડા...
- તા. ૧૮-૧૨ ના રોજ શ્રી મહેન્દ્રભાઈ શાહ...
- તા. ૨૪-૧૨ ના રોજ શ્રી રત્નાબેન માધવાણી...
- તા. ૨૮-૧૨ ના રોજ શ્રી શૈયાજબેન જીવાણી...
- તા. ૩૧-૧૨ ના રોજ શ્રી પૂર્વજીતસિંહ ગોહિલ...
- તા. ૨-૧ ના રોજ શ્રી ધર્મેન્દ્રભાઈ કામદાર...
- તા. ૫-૧ ના રોજ શ્રી ભૂમિબા ગોહિલ...
- તા. ૧૩-૧ ના રોજ શ્રી દર્શનભાઈ રાવ...



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ

✍ ગજાનંદભાઈ ભટ્ટ



## દાતાશ્રીની સંસ્થા મુલાકાત

તા. ૨૧ ડિસેમ્બરના રોજ શ્રી વિરાજબેન સુધીરભાઈ કર્ણાક તેમના પરિવાર સાથે શાળાની મુલાકાતે મુંબઈથી આવ્યાં હતાં. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'પતંગિયુ રૂપાળું' અભિનય જોઈ મહેમાનશ્રી ખૂબજ પ્રભાવિત થયા અને સંસ્થાના સાંસ્કૃતિક પ્રોગ્રામ માટે રૂા. ૫૦,૦૦૦/- જેવી માતબર રકમનું ડોનેશન આપ્યું હતું. આ કૃતિ પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા તૈયાર કરાવવામાં આવેલી હતી. શ્રી વિરાજબેન કર્ણાક શ્રી શેખરભાઈ વિરેન્દ્રભાઈ દલાલના સુપુત્રી છે. સંસ્થા હંમેશા તેમની ઋણી રહેશે.

**(સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટર, ડો. કવિતા શાહ)**

## નડિયાદની મુલાકાત

તા. ૨૮-૧૨ ના રોજ નડિયાદ ખાતે યોજાયેલ. બધીર શાળા સંચાલકની મિટીંગમાં શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના આચાર્યશ્રીઓ તથા એક શિક્ષકશ્રી ગયેલ. સંચાલક મંડળની મિટીંગમાં શિક્ષણને આનુસંગિક મહત્વના પ્રશ્નોની ચર્ચા-વિચારણા તથા પ્રશ્નોના નિરાકરણ માટે યોગ્ય સ્થાને રજૂઆત કરવાની અગત્યની કાર્યવાહી હાથ ધરાય હતી. આ પ્રસંગ ડો. અશ્વિનભાઈ પંડયા તથા અન્ય સંચાલકશ્રીઓના વકતવ્ય પ્રેરક રહ્યાં હતાં.

## હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ સંસ્થામાં સેવારત કર્મયોગીઓ સંસ્થાની કરોડરજ્જુના મણકાઓ છે. તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે તે અપેક્ષિત છે તેવા ઉમદા હેતુસર સંસ્થામાં કાર્યરત ૧૧૩ જેટલા કર્મયોગીઓની પ્રાથમિક તપાસ (હેલ્થ ચેકઅપ) નો કેમ્પ સ્ટર્લિંગ એક્યૂરીસ ડાયગ્નોસ્ટીકના સહયોગથી યોજવામાં આવેલ હતો. જેમાં CBC,FBC અને LIPID PROFILE ના ટેસ્ટ સંસ્થા દ્વારા વિનામૂલ્યે કરાવી આપવામાં આવેલ હતાં.ડો. જયંતભાઈ ધંધુકિયા દ્વારા તમામ રિપોર્ટ તપાસી, જે તે વ્યક્તિઓને હેલ્થ ટીપ્સ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાની રાહબરી અને માર્ગદર્શન હેઠળ સૂપેરે સંપન્ન થયું હતું.

## માનનીય ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા શ્રવણમંદ બાળકોને પતંગ-ફીરકી અને બિસ્કીટ વિતરણ કાર્યક્રમ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં માનનીય ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા તેમના વરદ હસ્તે બધિર બાળકોને ઉત્તરાયણની ઉજવણી માટે પતંગ-ફીરકી અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું. પતંગ અને ફીરકી મળતા જ બાળકોમાં અનેરો આનંદ છવાઈ ગયો હતો. જેમાં શ્રી હસમુખભાઈ પટેલ અગ્રણી ઉદ્યોગપતિ(આવડ કૃપા), શ્રી મહેશભાઈ રાવળ (પૂર્વ મહામંત્રી, શહેર ભાજપ), શ્રી અશોકભાઈ બારૈયા (નગરસેવક), શ્રી નિલેશભાઈ રાવળ (પૂર્વ ચેરમેન, શિક્ષણ સમિતિ), શ્રી ડી. ડી. ગોહેલ (પૂર્વ નગરસેવક), શ્રી કમલેશભાઈ (મંત્રીશ્રી, શહેર ભાજપ), શ્રી ભાવિકભાઈ મણિયાર (ભાજપ કાર્યકર), શ્રી પ્રકાશભાઈ ગોરસિયા (સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ), શ્રી ઈન્દુભા ગોહિલ (અગ્રણી ઉદ્યોગપતિ), શ્રી અરવિંદભાઈ જાસોલિયા (અગ્રણી ઉદ્યોગપતિ) તેમજ સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા અને પ્રાથમિક-માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ ઉપસ્થિત રહ્યાં હતાં અને બાળકોને ઉત્તરાયણની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમની ઉદ્ઘોષણા સંસ્થાના ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરી હતી.

## શુભેચ્છક, દાતા અને સહકાર્યકરની ભેટ

શ્રી પ્રવીણભાઈ મહેતા એકસ-ટ્રેઝરર શાહ શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા, ભાવનગરે, સ્વ. શ્રી સુશીલાબેન શાહની સ્મૃતિમાં હ. શ્રી સમીરભાઈ પી. શાહ તરફથી રૂા. ૫૦૦૦/- નુ અનુદાન મળેલ છે. સંસ્થા તેઓશ્રીની આભારી છે.

# લાઈબ્રેરી કોર્નર

## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા

✍ ત્રિવેદી ઝરણા



**સંસ્થાની લાઈબ્રેરીમાં વાંચવા યોગ્ય પુસ્તકો**

| ક્રમ | પુસ્તકો | લેખકો |
|---|---|---|
| ૧ | આપણા લોક ઉત્સવો | રાજેશ ડાભી |
| ૨ | ગરવા ગુજરાતી | રજની વ્યાસ |
| ૩ | ગુજરાત પરિચય | પ્રો. ડો. બી.સી. રાઠોડ |
| ૪ | ગુજરાતની અસ્મિતા | રજની વ્યાસ |
| ૫ | શિક્ષણ સમસ્યાઓ | હિંમતભાઈ મહેતા |
| ૬ | પડકાર | પરમેશ ડુંગવાલ |
| ૭ | મારી જીવન યાત્રા (ડો. એ.પી.જે. અબ્દુલકલામ) | ડો. કલામ |
| ૮ | અગન પંખ (આત્માકથા) | ડો. કલામ અનુ. હરેશ |
| ૯ | વસુંધરાની વનસ્પતિઓ | અશોક શેઠ |
| ૧૦ | આપણે સાંસ્કૃતિક વારસો | પરમાનંદ ગાંધી |

આ પુસ્તકો ઉપરાંત અન્ય પુસ્તકો સંસ્થા લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા નમ્ર નિવેદન છે.

# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા

✍ જ્યોતિબેન ભટ્ટી



### ‘પી. ટી. ડ્રેસ વિતરણ’ :

શાળાના વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય હેતુ દર શનિવારે વ્યાયામ કરાવવામાં આવે છે. જે અનુસંધાને વિદ્યાર્થીઓમાં એકરૂપતા રહે અને આદર્શ રીતે કસરત અને યોગ કરી શકે તે માટે પી. ટી. ડ્રેસની જરૂરિયાત હતી. ઉપરોક્ત કારણસર ટી. એન્ડ ટી.વી. કોર્પસ ફંડમાંથી ધો. ૯ થી ૧૨ ના કુલ ૧૪૩ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે પી. ટી. ડ્રેસ તૈયાર કરાવવામાં આવ્યાં હતાં. આ કાર્ય સંસ્થાના હોદ્દેદારો શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અમિતભાઈ શાહ તથા શ્રી બિંદીબહેન ત્રિવેદીની પ્રેરણા અને માર્ગદર્શન અને માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા શિક્ષક શ્રી હિતેષભાઈ વ્યાસના પ્રયત્નોથી આ કાર્ય સફળ બન્યું હતું.

### ‘બ્યુટી સેમિનાર અને બ્યુટી ટેલેન્ટ શો’

તા. ૨૯-૧૨ ના રોજ શ્રી શક્તિ સેવા સંસ્થા દ્વારા ફર્સ્ટ એનિવર્સરી નિમિત્તે **બ્યુટી સેમિનાર તથા બ્યુટી ટેલેન્ટ શો** નું ચિત્રા GIDCના ઓડિટોરિયમ, ભાવનગર ખાતે એક દિવસીય આયોજન થયેલ હતું. આ સેમિનારમાં ગુજરાત ભરમાંથી અંદાજિત ૩૦૦ જેટલી હેર કટીંગ, મેકઅપ તથા બ્યુટી પાર્લર ચલાવતી દીકરીઓ નવી ટેકનીક અને નવી સ્કીલ શીખવા ઉત્સાહપૂર્વક જોડાયેલ હતી. આ કાર્યક્રમમાં ૨૫ જેટલી દિવ્યાંગ દીકરીઓ પણ જોડાયેલ. જેમાં આપણી સંસ્થાની માધ્યમિક વિભાગની ધો. ૧૨ની બ્યુટી પાર્લરની તાલીમ લીધેલ આઠ શ્રવણમંદ દીકરીઓ વધુ અપડેટ થવા માટે મોકલવામાં આવેલ હતી.

આ સેમિનારમાં ઈન્ટરનેશનલ વિજેતા હેર સ્ટાઈલિશ શ્રી ઉત્તમ પારેખે હાજર રહી, પોતે હેર કટીંગ શીખવેલ હતું. પરમેનન્ટ મેકઅપ આર્ટિસ્ટ શ્રી અસ્મિતાબેન ચાવડા તથા શ્રી હેપીબેન પટેલે મેકઅપ, આઈબ્રો, નેલ આર્ટ વગેરે શીખવ્યું હતું.

આ કાર્યક્રમમાં જોડાયેલ દરેક દીકરીઓને ગિફટ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. દિવ્યાંગ દીકરીઓને પ્રોત્સાહન આપવા અતિથિવિશેષ તરીકે આપણી સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા હાજર રહ્યાં હતાં તથા ચીફ ગેસ્ટ તરીકે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રી ઈલાબેન શાહ હાજર રહી દીકરીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રવણમંદ દીકરીઓ જોડાય અને બ્યુટી પાર્લરની ફિલ્ડમાં વધુ શીખતી રહે, હંમેશા અપડેટ રહે તેવા હેતુથી દીકરીઓને મોકલવા માટે સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, શ્રી કૌશિકભાઈ તથા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સમગ્ર આયોજન કરી આપેલ. તાલીમ અને કાર્યક્રમ દરમિયાન સાઈન લેંગ્વેજ ઈન્ટરપ્રિન્ટર તરીકે શિક્ષિકા શ્રી જયોતિબેન બારૈયાએ સેવા આપી હતી. શ્રી શક્તિ સેવા સંસ્થાના શ્રી પ્રફુલભાઈ પંડયા તથા શ્રી અમિતભાઈ, શ્રી ધારાબેન અને તેમની ટીમે ખૂબ જહેમત ઉઠાવી, વિદ્યાર્થીનીઓને સહકાર આપ્યો હતો.

# શૈક્ષણિક પ્રવાસ અહેવાલ

## 'અલંગ-બગદાણા અને ભગુડાની એક દિવસીય મુલાકાત'

તા. ૨૬-૧૨ ના રોજ ધો. ૧૦, ૧૧ અને ૧૨ ના કુલ ૧૦૯ વિદ્યાર્થીઓ અને તેમના વર્ગ શિક્ષકો માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. દાતાશ્રી દિનેશભાઈ ફતનાની અને શ્રીમતી હિનાબેન ફતનાની દ્વારા પ્રવાસ માટેની બે બસ અને નાસ્તાની વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી.

## અલંગ મુલાકાત

સૌ પ્રથમ ગુજરાતના એકમાત્ર શીપ બ્રેકિંગ યાર્ડ-અલંગની મુલાકાત લીધી હતી. જેમાં સંસ્થાના શુભેચ્છક શ્રી રાનીબેને વિદ્યાર્થીઓને આવકારવા હાજરી આપી હતી. તમામ વિદ્યાર્થીઓને સેલ્ફી હેલ્મેટ અને સેલ્ફી જેકેટ પહેરાવ્યા બાદ પોતાના પ્લોટમાં આવેલ શીપનું કટિંગ કેવી રીતે થાય છે, તેની ઉંચાઈ, તેનું વજન, તેમાં રહેલ સામગ્રી, શીપને દરિયાની નજીક લાવવાની સાંકળ / લંગર વગેરે ખૂબ રસપૂર્વક બતાવેલ હતું. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ગરમ નાસ્તો, કોલ્ડ્રિક્સ આપેલ તેમજ યાદગીરી સ્વરૂપે દરેકને એક પેન આપેલ હતી. સંસ્થા દ્વારા આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ માનનીય શ્રી રાનીબેનને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યાં હતાં.

## બગદાણાની મુલાકાત

ત્યારબાદ પવિત્ર યાત્રાધામ બગદાણાની મુલાકાત લીધી. જ્યાં સંત શ્રી બજરંગદાસ બાપાના મંદિર, ધ્યાન પૂજા, સમાધી સ્થાનની મુલાકાત લઈને તેનું મહત્વ સાઈનમાં સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસાદ ઘરમાં સર્વોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને વિદ્યાર્થીઓને સેવાકીય પ્રવૃત્તિઓની સમજ આપવામાં આવી હતી.

## ભગુડા ધામની મુલાકાત

બગદાણાથી મોગલમાના પ્રાગટય સ્થાન ભગુડા ધામની મુલાકાતે પહોંચ્યા. જયાં મોગલમાના મંદિરના દર્શન કર્યા અને નયન રમ્ય સ્થળ હોવાથી વિદ્યાર્થીઓ-શિક્ષકોએ ફોટા પાડયાં તેમજ રમતો રમ્યાં હતાં.

## જીનીંગ મીલની મુલાકાત

ભગુડાથી નીકળી અમે તળાજા પાસે આવેલી ઓમકાર કોટન જીનીંગ મીલની મુલાકાત લીધી. આ જીનીંગ મીલ આપણી પૂર્વ વિદ્યાર્થીની કામળિયા વિધિના પિતા શ્રી બાબુભાઈ કામળિયાની છે. અત્રે ઉલ્લેખ કરવો ગમશે કે કામળિયા વિધિ આપણી સંસ્થામાં ધો. ૧૨ સુધી અભ્યાસ કરી, પોસ્ટ વિભાગમાં મહુવા પાસે આવેલી બારપટોળી ગામમાં પોસ્ટ ઓફિસમાં નોકરી કરે છે. તેમના વાલીશ્રી બાબુભાઈએ ખૂબજ ઉત્સાહપૂર્વક જીનીંગ મીલ બતાવી, ખેતરમાંથી આવતા કપાસમાંથી તેના અલગ-અલગ વર્ગીકરણ અને તૈયાર થતી ગાંસડી વગેરે વિશે સમજાવ્યું હતું. ત્યારબાદ બધાને આઈસક્રીમ ખવડાવીને સંસ્થાનો આભાર માન્યો હતો કે સંસ્થા દ્વારા મારી દીકરી આજે નોકરી કરતી થઈ છે.

## રાત્રિ ભોજન

જીનીંગ મીલ જોઈને અમે સૌ ત્રાપજ પાસે આવેલી સોમનાથ હોટલે પહોંચ્યા. જયાં ધો. ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ગોહિલ પ્રિન્સીબા અને ગોહિલ રીનાબાના વાલીશ્રીઓ અમોને આવકારવા રાહ જોતા હતાં. ગોહિલ પ્રિન્સીબાના વાલી ગોહિલ કનકસિંહ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ઓળો-રોટલા-દૂધ-છાશ-પાપડ વગેરે સ્વાદિષ્ટ જમવાનું તૈયાર કરવામાં આવેલ હતું. જયાં ખૂબ જ આગ્રહપૂર્વક કનકસિંહ અને તેના કુટુંબીજનોએ પ્રેમથી સર્વોને જમાડયાં હતાં. ગોહિલ રીનાબાના વાલીશ્રીએ બધાને આઈસ્કીમ-કેન્ડી ખવડાવી હતી. સંસ્થા વતી આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ તેમનો આભાર માની સ્મૃતિ ભેટથી સન્માન કર્યું હતું. પ્રવાસ માટે બે બસની વ્યવસ્થા કરી આપવા બદલ દાતા ફેમિલીને પણ સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ દાતાશ્રી દિનેશભાઈ ફતનાની અને અલંગ ઓટોના માલિક શ્રી રાનીબેન ચૌધરી સાથે સંયોજન કરી. પ્રવાસ અંગેની યોગ્ય વ્યવસ્થા કરી આપી હતી. સફળ શૈક્ષણિક પ્રવાસ બદલ ટ્રસ્ટીશ્રીઓએ સર્વોને શુભેચ્છા પાઠવી હતી.

## 'સ્કીલ કોમ્પિટિશન'

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર પ્રેરિત અને સમગ્ર શિક્ષા ભાવનગર આયોજિત વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત જિલ્લા કક્ષાનો 'સ્કિલ કોમ્પિટિશન' (કૌશલ્યોત્સવ) તા. ૧૯-૧૨ ના રોજ મોડેલ સ્કૂલ, સીદસરમાં યોજાયેલ. જેમાં શાળાના મૂક બધિર વિદ્યાર્થીઓએ IT / ITES ટ્રેડમાં જે શીખ્યાં તે આધારે 'ડોમેઈન એકસટેન્શન મોડેલ' પ્રોજેકટ ખૂબ સરસ રીતે રજૂ કર્યો હતો. સામાન્ય વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધામાં ભાગ લઈને સમગ્ર ગુજરાતની એકમાત્ર ગ્રાન્ટેડ સ્પેશિયલ શાળા કે જેમાં IT વોકેશનલ ટ્રેક ચાલે છે તેના

મુકબધિર દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન રજૂ કરેલ. વોકેશનલ ટ્રેનર શ્રી ઉજવલાબેન વ્યાસે સમગ્ર ઉદઘાટન કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવોના વિચારો / વકતવ્યને સાઈન લેંગ્વેજ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવ્યાં હતાં. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ IT વોકેશનલ ટ્રેનર અને વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ રજૂઆત બદલ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી હતી.

### ‘વિવિધ દેશોના ચલણી નાણાંનું પ્રદર્શન’

શાળામાં તા. ૧૬-૧૨ ના રોજ વિદ્યાર્થીઓ માટે વિવિધ દેશોના ચલણી નાંણાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ આ વિશેની માહિતી પ્રાપ્ત કરી શકે તે હેતુથી શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા આ નાણાં / કરન્સી આપવામાં આવી હતી. તેમાં ભારત દેશનું અલભ્ય્ ચલણ અને જુનું ચલણને આકર્ષક ચાર્ટમાં તૈયાર કરવામાં આવ્યાં હતાં. તે સાથે ફ્રાન્સ, સ્વીટ્ઝરલેન્ડ, નેપાળ, ભૂતાન, મલેશિયા, બાંગ્લાદેશ, યુરોપ વગેરે દેશોના ચલણના ચાર્ટ બનાવી તેમાં ચલણનું નામ, સંજ્ઞા વગેરે દર્શાવવામાં આવ્યું હતું. આ સાથે ભારતની નવી નોટ પર રહેલા ચિત્રોના સ્થળ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ દરેક વસ્તુને પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહ- આનંદ સાથે નિહાળીને તેની સમજ મેળવી હતી.

### ‘વાલી મિટીંગ ધો. ૧૨’

શાળામાં ધો. ૧૨ની પ્રથમ પરીક્ષાના પરિણામ અંગે તા. ૧૩-૧૨ ના રોજ શાળાના ધો. ૧૨ના વાલીઓની મિટીંગ રાખવામાં આવી હતી. જેમાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ વાલીઓને શિક્ષકોએ બતાવી, અભ્યાસ બાબત માહિતગાર કરેલ. ત્યારબાદ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં ધો. ૧૨ ના દરેક વાલીઓ, વિદ્યાર્થીઓ અને ધો. ૧૧, ૧૨ ના શિક્ષકો તથા આચાર્યશ્રી સાથે મિટીંગ યોજવામાં આવી હતી. દરેક વિષય શિક્ષકોએ પરીક્ષામાં વધુ માર્કસ મેળવવા કઈ રીતે મહેનત કરવી ? તેની સમજ આપી હતી. જયારે શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ પરીક્ષા માટે વાંચનનું આયોજન કેવી રીતે કરવું ? સાથે પરીક્ષાની ગંભીરતા અને વાલીના સહયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સાઈન દ્વારા સમજ શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલે આપી હતી.

### વાલી મિટીંગ ધો. ૧૦

શાળામાં પ્રથમ પરીક્ષાના પરિણામ બાદ તે અંગેની ચર્ચા માટે તા. ૯-૧૨ ના રોજ માધ્યમિકની વિદ્યાર્થી, વાલી, શિક્ષક મિટીંગનું આયોજન કરેલ. જે અંતર્ગત તેમાં વર્ગ શિક્ષક અને વિષય શિક્ષકે વિદ્યાર્થીઓના દરેક વિષયનુ પેપર બતાવી તેમની ભૂલો અંગે વાલીઓને ધ્યાન દોર્યું હતું. શિક્ષકો દ્વારા ધો. ૧૦ માં પાસ થવાના માઈક્રોપ્લાનિંગ અંગેની ચર્ચા પણ કરી હતી.

શ્રી મહાવીર ઓડિટોરીયમમાં મિટીંગ અંતર્ગત શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ ધો. ૧૦માં સફળતા મેળવવા માટેનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપેલ, તેમજ તમામ વિષય શિક્ષકોએ પણ સફળતા પ્રાપ્ત કરવા માટેનું આયોજન વિદ્યાર્થી-વાલી સમક્ષ રજૂ કર્યું હતું. આ સમગ્ર મિટીંગ આચાર્યશ્રી શૈલેષભાઈ દવે અને માધ્યમિક વિભાગના તમામ શિક્ષકોના સંયુકત પ્રયાસથી પૂર્ણ થયેલ. સમગ્ર મિટીંગમાં શ્રી જયોતિબેન બારૈયાએ સમજ આપી હતી.

# પી.આર.વી. વર્કશોપ



✍ અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)

આ ડિસેમ્બર માસમાં અહિં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૦૬ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૩ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૧, ઓર્થોશૂઝ-૩, ની-બ્રેસ-૧૭, હેન્ડ સ્પીલન્ટ-૫, સ્પાઈનલ ઓર્થોસિસ-૨, અન્ય-૬૪, કેલિપર-૩, એ.એફ.ઓ.-૨૨, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૬ એમ કુલ ૧૨૩ સાધનો આપવામાં આવ્યાં હતાં.

માહે ડિસેમ્બર માસમાં સંસ્થામાં કૃત્રિમ હાથ-પગના એક કેમ્પ વર્કશોપમાં યોજાયેલ. જેમાં ૧૬ લાભાર્થીઓને ૧૯ સાધનો પૂરા પાડવામાં આવેલ તથા એક કેમ્પ નાસિક મુકામે યોજાયેલ. જેમાં ૧૦૯ લાભાર્થીઓને ૧૧૦ સાધનો પુરાં પાડવામાં આવ્યાં હતાં.

લોકલ કેમ્પના લાભાર્થીઓ પૈકી શ્રી ભારતીબેન આર. જાની જેઓ ભાવનગરથી આવે છે, જેઓની ઉંમર ૬૦ વર્ષની છે. તેઓને ડાબો પગ ગોઠણથી ઉપરના ભાગે, તેમજ જમણો પગ ગોઠણથી નીચે આજથી આશરે છ માસ પહેલા કપાઈ ગયેલ હતાં. આજરોજ તેઓને પ્રથમ વખત જ કૃત્રિમ બંને પગ ફીટ કરી આપેલ છે અને તેઓ આ પગ વડે વ્યવસ્થિત ચાલી શકશે. અને હવેથી પોતાનુ કાર્ય કરી શકશે. તેઓએ ખૂબજ આભારની લાગણી વ્યકત કરેલ છે.

બીજા લાભાર્થી શ્રી મુમતાઝબેન ગોગદા જેઓ પાલિતાણાના રહેવાસી છે. જેઓને ગેંગરિંગ થવાથી એકાદ વર્ષ પહેલા ડાબો હાથ કોણીના ઉપરના ભાગેથી કપાવવો પડેલ હતો. અને તેઓ છ સંતાનની માતા છે. આજરોજ તેમને પ્રથમ વખત જ કૃત્રિમ હાથ ફીટ કરી આપેલ છે. આ કૃત્રિમ હાથથી તેઓ રોજિંદા કામ કરી શકશે. ઉપરાંત તેઓ હાલ પ્રેકિટસ કરવાથી પોતાના રોજિંદા કાર્યો પહેલાથી સારી રીતે કરી શકશે. તેઓએ આભારની લાગણી વ્યકત કરેલ છે.

# શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોશી

- તા. ૧૪-૧૨ ના રોજ શ્રી વર્ષાબેન લાખાણી તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ભોજનમાં ફ્રૂટસલાડ આપેલ છે, જે છાત્રાલયમાં જ બનાવેલ હતું.
- તા. ૩૧-૧૨ ના રોજ શ્રી ઉમેશભાઈ મુનીએ છાત્રાલયના બાળકોને મનગમતુ ભોજન ઉત્તાપમ, મન્ચુરીયન, નુડલ્સ દરેક આઈટમ છાત્રાલયમાં જ લાઈવ બનાવેલ હતી અને બાળકોને પ્રેમથી જમાડેલ હતી.
- તા. ૪-૧ ના રોજ શાળાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ બાળકોને પ્રિય તેવુ મિષ્ટાન-ભોજન કરાવેલ હતું. બાળકોએ 'દાદા'ને ઉભા થઈને બધાએ એક સાથે તીન તાળીથી સન્માનિત કર્યા હતાં અને બાળકોએ કોન્ગ્રેચ્યુલેશનનું કાર્ડ બનાવીને આપેલ હતું.
- તા. ૯-૧ ના રોજ શ્રી ઈશી (યુ.એસ.એ.) ના જન્મદિવસ નિમિત્તે બાળકોને એક આખા દિવસનું ભોજન/નાસ્તો કરાવીને જન્મદિવસની ઉજવણી કરી હતી.
- તા.૧૮-૧ ના રોજ શ્રી હાર્દિકભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન/ભોજન કરાવેલ હતું. બાળકો દ્વારા સરસ મજાનું જન્મદિવસ કાર્ડ બનાવીને આપ્યું હતું.
- તા.૨૧-૧ ના રોજ શ્રી સૌમ્યા ઠક્કરના જન્મદિવસ નિમિત્તે બાળકોને એક આખા દિવસનું ભોજન/નાસ્તો કરાવેલ હતો. જે છાત્રાલયમાં જ બનાવ્યું હતું.

# સકસેસ સ્ટોરી





**બાળકનું નામ :-** હર્ષરાજ હેમરાજસિંહ પરમાર

**ઉંમર :-** ૧૯ વર્ષ

**સમસ્યા :-** ઈન્ટેલએકચ્યુઅલ ડિસેબિલિટી

**શિક્ષકનું નામ :-** કોઠારી જતીનભાઈ એચ.

### સારવાર પહેલાં

વિદ્યાર્થી સંખ્યાની ગણતરી કરી શકતો ન હતો, જેમ કે,

૧. વસ્તુઓની ગણતરી કરવી,

૨. પૈસાની ગણતરી કરવી,

૩. ઘડિયાળમાં સમય જોવો,

૪. પૈસાના ઉપયોગ કરવો વિગેરે.

### સારવાર બાદ

વિદ્યાર્થીને રેગ્યુલર સ્પેશ્યલ એજ્યુકેશન શીખવ્યા બાદ હાલ વિદ્યાર્થી ૧. વસ્તુઓની ગણતરી કરી શકે છે, ૨. સંખ્યાની ઓળખ કરતા શીખ્યો છે. ૩. ચલણી નોટની ઓળખ કરી શકે છે, ૪. ઘડિયાળમાં જોઈને સમય જણાવી શકે છે,અને ૫. પૈસાનો ઉપયોગ કરી નાની નાની વસ્તુઓની ખરીદી કરી શકવા સક્ષમ બની શકયો છે.



# શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય




- તા. ૧૪-૧૨ ના રોજ શ્રી વર્ષાબેન લાખાણી તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ભોજનમાં ફ્રૂટસલાડ આપેલ છે, જે છાત્રાલયમાં જ બનાવેલ હતું.
- તા. ૩૧-૧૨ ના રોજ શ્રી ઉમેશભાઈ મુનીએ છાત્રાલયના બાળકોને મનગમતુ ભોજન ઉત્તાપમ, મન્ચુરીયન, નુડલ્સ દરેક આઈટમ છાત્રાલયમાં જ લાઈવ બનાવેલ હતી અને બાળકોને પ્રેમથી જમાડેલ હતી.
- તા. ૪-૧ ના રોજ શાળાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ બાળકોને પ્રિય તેવુ મિષ્ટાન-ભોજન કરાવેલ હતું. બાળકોએ 'દાદા'ને ઉભા થઈને બધાએ એક સાથે તીન તાળીથી સન્માનિત કર્યા હતાં અને બાળકોએ કોન્ગ્રેચ્યુલેશનનું કાર્ડ બનાવીને આપેલ હતું.
- તા. ૯-૧ ના રોજ શ્રી ઈશી (યુ.એસ.એ.) ના જન્મદિવસ નિમિત્તે બાળકોને એક આખા દિવસનું ભોજન/નાસ્તો કરાવીને જન્મદિવસની ઉજવણી કરી હતી.
- તા.૧૮-૧ ના રોજ શ્રી હાર્દિકભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન/ભોજન કરાવેલ હતું. બાળકો દ્વારા સરસ મજાનું જન્મદિવસ કાર્ડ બનાવીને આપ્યું હતું.
- તા.૨૧-૧ ના રોજ શ્રી સૌમ્યા ઠક્કરના જન્મદિવસ નિમિત્તે બાળકોને એક આખા દિવસનું ભોજન/નાસ્તો કરાવેલ હતો. જે છાત્રાલયમાં જ બનાવ્યું હતું.

# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ

✍ ડો. ધવલ વ્યાસ



## D.Ed.Spl.Ed. (HI) અભ્યાસક્રમના તાલીમાર્થીઓની આંતરિક પરીક્ષા યોજાઈ

તાલીમી કોલેજના B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ માટે તા. ૪-૧૨ થી ૬-૧૨ દરમિયાન આંતરિક પરીક્ષા લેવામાં આવી હતી. બધાએ શાંત વાતાવરણમાં આ પરીક્ષા આપી હતી.

## રાજુલા એજ્યુકેશન ટ્રસ્ટના શ્રીમતી વી.એચ. મહેતા કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓની મુલાકાત

તા. ૧૬-૧૨ ના રોજ રાજુલા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રીમતી વી.એચ. મહેતા કન્યા છાત્રાલયની ૪૫ વિદ્યાર્થીનીઓ અને એક શિક્ષિકાશ્રીએ અમારી તાલીમી કોલેજની મુલાકાત લીધી હતી. કોલેજની ફેકલ્ટી શ્રી ધ્રુવીબેન ચાવડા દ્વારા તેમને અમારી કોલેજમાં ચાલતા અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી અને પૂછાયેલાં પ્રશ્નોના યોગ્ય જવાબો આપીને પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના વર્કશોપમાં તજજ્ઞ તરીકે વર્ચ્યુઅલી ભાગ લેતા ડો. ધવલ પી. વ્યાસ

તા. ૧૮-૧૨ ના રોજ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર, ગુજરાત દ્વારા આયોજિત કન્સલટેટીવ વર્કશોપમાં તજજ્ઞ તરીકે ડો. ધવલ પી. વ્યાસ, એસોસિયેટ પ્રોફેસર અને હેડે વર્ચ્યુઅલી ભાગ લીધો હતો. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીના સમુદાય અને વિશિષ્ટ શિક્ષણ વિભાગનો રોડમેપ તૈયાર કરવા માટે આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે પરામર્શન કરવાનો હતો. ડો. વ્યાસે વિભાગના ધ્યેય અને ઉદ્દેશ્યો, સંશોધન, તાલીમ, વિસ્તરણ, નવીન પ્રવૃત્તિઓ જેવા વિવિધ પાસાઓ ઉપર ફળદાયી માહિતી આપી હતી.

## સંસ્થાએ તેમના કર્મચારીઓ માટે આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કર્યું

શ્રી શાહ કે.એલ. ઈ ન્સ્ટિટયુટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ દ્વારા તેમના કર્મચારી માટે ૨૦-૧૨ થી તા. ૨૧-૧૨ ના રોજ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો ઉદ્દેશ્ય સંસ્થાના તમામ કર્મચારીઓની સ્વાસ્થ્ય તપાસ કરવાનો અને તેમનું સ્વાસ્થ્ય સારું રાખવાનો હતો. આ શિબિરમાં સ્ટલીંગ એક્યુરિશ ડાયગ્નોસ્ટિકની મેડિકલ ટીમે દરેક કર્મચારીઓના CBC, RBS અને લિપિડ પ્રોફાઈલ જેવા પરીક્ષણો કર્યા હતાં.

## ડો. નિમિત્ત ઓઝાના પ્રેરક વ્યાખ્યાનમાં તાલીમાર્થીઓ-ફેકલ્ટીએ ભાગ લીધો

પ્રેરણા પુષ્પ વ્યાખ્યાનમાળા (સત્ર-૮) ના પ્રેરણાત્મક વ્યાખ્યાન શ્રેણીના ભાગરૂપે પ્રખ્યાત લેખક અને જીવન કોચ ડો. નિમિત્ત ઓઝાએ **'કલાસરૂમથી વાસ્તવિક દુનિયા સુધી યુનિવર્સિટી પછીનું જીવન'** શીર્ષક ધરાવતું સમજદાર અને પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન તા. ૨૧-૧૨ ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ ખાતે કરવામાં આવ્યું હતું. શ્રી કે.કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજના B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના કુલ આઠ તાલીમાર્થીઓએ અને ફેકલ્ટીશ્રી જયોતિબેન મહાજને આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## D.Ed.Spl.Ed. (HI) સેમેસ્ટર-૪ના તાલીમાર્થીઓની સ્કૂલ ઈન્ટર્નશીપ

ઈન્ટર્નશીપનો ઉદ્દેશ્ય તાલીમાર્થીઓને પોતાના ક્ષેત્રનું અસરકારક રીતે પ્રયોગિક કાર્ય શીખવવાનો છે. ઈન્ટર્નશીપનો અનુભવ તાલીમાર્થીઓના આત્મવિશ્વાસ, મૂલ્યો અને વલણમાં વધારો કરે છે. એ ઉદ્દેશ્યને ધ્યાને લઈ અને અભ્યાસક્રમના ભાગરૂપે B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૪ ના વિદ્યાર્થીઓને ભાવનગર સ્થિત શ્રી કે.કે. બ્લાઈન્ડ સ્કૂલ અને શ્રી કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં એમ બે ગ્રુપોમાં તાલીમાર્થીઓને વિભાજિત કરીને તા. ૨૬-૧૨ થી ૧૮-૧ સુધી પ્રથમ તબક્કાની ઈન્ટર્નશીપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## D.Ed.Spl.Ed. (HI) સેમેસ્ટર-૧ અને ૩ના તાલીમાર્થીઓનું વર્ગખંડ અવલોકન અને લેશન માર્ગદર્શન

શિક્ષક બનતા પહેલા તાલીમાર્થીઓએ કેવી રીતે અધ્યાપન કરાવું ? તે જાણવું ખૂબજ જરૂરી છે. આ માટે તાલીમાર્થીઓ તાલીમ મેળવીને યોગ્ય શિક્ષક બને છે. આ ઉદ્દેશ્ય માટે B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૧ અને ૩ ના તાલીમાર્થીઓની તા.૧-૧ થી ૪-૧ સુધી ભાવનગરની વિશુધ્ધાનંદ પ્રાથમિક શાળા ખાતે વર્ગખંડ શિક્ષણનું અવલોકન અને લેશન અંગેનું માર્ગદર્શન લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## B.Ed.Spl.Ed.(HI) સેમેસ્ટર-૧ તાલીમાર્થીઓનું યુનિવર્સિટી પરીક્ષાનું ૧૦૦% પરિણામ

તા. ૨-૧ ના રોજ અમારી કોલેજના B.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના ૨૦૨૪-૨૬ની બેચના તાલીમાર્થીઓનું સેમેસ્ટર-૧ નું

૧૦૦% પરિણામ આવ્યું છે. આ પરિણામ અમારી કોલેજના અમારા તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકશ્રીઓના દ્રઢ નિશ્ચય અને મહેનતનું ઝળહળતું ઉદાહરણ છે. પરિણામ જાહેર થયા પછી સમગ્ર કેમ્પસ ઉત્સાહથી ભરાઈ ગયું અને અમારી સંસ્થાના સૌ ટ્રસ્ટીશ્રીઓ સહીત સમગ્ર સંસ્થા પરિવારે ઉત્તીર્ણ થયેલ તમામ તાલીમાર્થીઓને અને કોલેજના પ્રાધ્યાપકશ્રીઓને અભિનંદન પાઠવ્યાં.

## નેશનલ સેમિનારમાં એક્સપર્ટ પેનાલિસ્ટ તરીકે ભાગ લેતા ડો. ધવલ પી. વ્યાસ

તા. ૫-૧૨ ના રોજ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીલ ગાંધીનગર ખાતે **Building Bridges : Parenting, Community and Inclusion in Earty Chilldhood** વિષય ઉપર એક નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સમાવિષ્ટ પેનલ ડિસ્કશનમાં કોલેજના એસોસિયેટ પ્રોફેસર અને હેડ ડો. ધવલ પી. વ્યાસે એક એક્સપર્ટ પેનાલિસ્ટ તરીકે પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ડો. વ્યાસે આ ડિસ્કશનમાં **Inclusion at Family level for ECCE** વિષય ઉપર પોતાના વિચારો અને અમલીકરણની વ્યૂહરચનાઓ પ્રસ્તુત કર્યા હતાં. આ સેમિનારના ઉદ્ઘાટન પ્રસંગમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી હસમુખભાઈ પટેલ (પૂર્વ IPS અને ચેરમેન GPSC) તેમજ સમાપન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ભૂષણ પુનાણી (જનરલ સેક્રેટરી, બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન, અમદાવાદ) ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં કુલ ૫૦ જેટલા સંશોધન પત્રો રજૂ થયા હતાં.

## CBR ની પ્રવૃત્તિ કરતા D.Ed.Spl.Ed. (HI)ના તાલીમાર્થીઓ

તા. ૧૧-૧ ના રોજ D.Ed. Spl. Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૪ ના તાલીમાર્થીઓ દ્વારા એક CBR (Community Based Rehabilitation – સમુદાય આધારિત પુનર્વસન) કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જે અંતર્ગત તાલીમાર્થીઓ અને કોલેજના ફેકલ્ટી શ્રી મયંકભાઈ પરમાર અને શ્રી ધ્રુવીબેન ચાવડા ભાવનગરની શ્રી અટલ બિહારી વાજપાઈ પ્રાથમિક શાળા ખાતે તે દિવસે સવારે ૭:૩૦ વાગે ઉપસ્થિત રહ્યાં હતાં. CBR નો મુખ્ય હેતુ સમાજમાં જાગૃતતા લાવવાનો છે. તે હેતુ અનુસાર ઉપસ્થિત તાલીમાર્થીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને આચાર્યશ્રી-શિક્ષકશ્રીઓને દિવ્યાંગતાનો અર્થ, RPwD એક્ટ અંતર્ગત સમાવિષ્ટ ૨૧ પ્રકારની દિવ્યાંગતાઓ અને દિવ્યાંગતા આવવાના કારણો અને તેની રોકથામ વિશે પોસ્ટરો બતાવીને સચિત્ર માહિતી આપેલ હતી. આ કાર્યક્રમ માટે કોલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડો. ધવલ પી. વ્યાસનું સુચારું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

### ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

### શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક

✍ સૂર્યકાંત ચાવડા



## ડિસેમ્બર-'૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| EYE DEPARTMENT | |
| OPD | 256 |
| Cataract Surgeries - Free | 36 |
| Cataract Surgeries - Paid | 10 |
| EYE Retina | 0 |
| ENT DEPARTMENT | |
| OPD | 314 |
| OPERATION - PAID | 02 |
| MINOR PROCEDURE | 75 |
| DENTAL DEPARTMENT | |
| OPD | 108 |
| PROCEDURE | 147 |
| MATERNITY | |
| OPD | 20 |
| DELIVERY | 00 |
| OPERATION | 00 |

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| PSYCHIATRIC (M.D.) | 53 |
| ORTHOPEDIC DEPARTMENT | 24 |
| CHEST PHYSICIAN | 03 |
| PHYSIOTHERAPY | 20 |
| GENERAL OPD | 117 |
| PSYCHIA TRIC | 19 |
| PEDIATRIC | 35 |
| SKIN DEPARTMENT | 145 |
| X-RAY DEPARTMENT | 0 |
| LABORATORY PATIENT | 145 |
| LABORATORY TEST | 346 |
| SONOGRAPHY | 13 |
| CAMP | 03 |
| PATIENT | 188 |
| SHAMJI MAVJI RELIEF | 06 |

## એમ.ડી. ફિઝીશ્યન ડો. યુવરાજસિંહ ચુડાસમા સાહેબનો ફ્રી નિદાન કેમ્પ યોજાયો

હોસ્પિટલ ખાતે તા. ૧૯-૧૨ ગુરૂવાર તથા ૨૧-૧૨ શનિવાર એમ બે દિવસ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ બી.પી., ડાયાબિટીસ, હૃદય, ફેફસા, લીવર તથા કિડનીના રોગો, થાઈરોઈડની બિમારી, તમામ પ્રકારના તાવ, વાય તથા આચંકીની બીમારી માટે નિષ્ણાત એમ.ડી. ફિઝીશ્યન ડો. યુવરાજસિંહ ચુડાસમા દ્વારા વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવામાં આવેલ. યોજાયેલ કેમ્પ દ્વારા ૧૧ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

## વિનામૂલ્યે ફિઝીયોથેરાપી તપાસ નિદાન કેમ્પ યોજાયો

હોસ્પિટલ ખાતે તા. ૧૯-૧૨ ગુરૂવાર થી ૩૧-૧૨ મંગળવાર સુધી સોમ અને મંગળવાર સવારે ૧૧ થી ૧ તથા બુધવાર થી શનિવાર સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ફિઝીયોથેરાપીની ઉપલબ્ધ સારવાર માટે વિનામૂલ્યે તપાસ, નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ૭ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

## મોતિયાનો નિઃશૂલ્ક કેમ્પ

શિશુવિહાર સંસ્થા ખાતે, ભાવનગર નવ જવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકિલનિક ભાવનગર દ્વારા, ગુજરાત સરકારના અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત તા. ૨૭-૧૨ ના રોજ મોતિયાના નિઃશૂલ્ક ઓપરેશન માટે નિઃશૂલ્ક તપાસ, નિદાન કેમ્પ યોજાયો હતો. યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૬૧ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી શિશુવિહારના પ્રાંગણમાં યોજાયો હતો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના




સહયોગથી યોજાયેલ. પ્રભાકૃપા નેત્રયજ્ઞમાં ૬૧ દર્દીઓની આંખ તપાસ ડો. શ્રી હર્ષાબહેન તથા ડો. ધ્રુવિલભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડો. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તા બાદ, જરૂરિયાતમંદ ૨૦ દર્દીઓને કેટ-રેકટ સર્જરી માટે લોઢાવાળા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. દર્દી દેવો ભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮ થી ચાલતા પ્રભાકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## સ્વ. અંતુભાઈ હરીશંકર રાવળના સ્મરણાર્થે નિઃશૂલ્ક મેગા કેમ્પ

હોસ્પિટલ ખાતે તા. ૩૧-૧૨ શનિવારના રોજ **નિઃશૂલ્ક મેગા કેમ્પ**નું આયોજન સ્વ. અંતુભાઈ હરીશંકર રાવળના સ્મરણાર્થે કરવામાં આવ્યું હતું. જેમાં આંખની, કાન-નાક-ગળા, તાવ-શરદી-ઉધરસ, ફિઝીયોથેરાપી (કસરત) તપાસ નિઃશૂલ્ક સારવાર માટે તપાસ, નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૯ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

# "રીડર ઓફ ધ યર" :

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ લાઈબ્રેરીમા "લર્ન વીથ ફન" થીમ પર વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે, અહીં બાળકો એટલા બધા પુસ્તકો વાંચે છે કે, દર વર્ષે એક નવો રેકોર્ડ બને છે. આ વર્ષે TTC MD ના પ્રથમ વર્ષના વિદ્યાર્થી ત્રિવેદી આદિત્ય મનોજકુમારે તા. ૨૭-૧૧ થી તા. ૨૬ -૧૨ દરમ્યાન ૩૦ દિવસમાં ૬૦ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. આદિત્ય જીવનના તમામ ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા. આદિત્યને ૨૬મી જાન્યુઆરીએ "રીડર ઓફ ધ યર"ના એવોર્ડથી નવાજવામાં આવ્યો હતો.



# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

## ટેબલ ટેનિસમાં શાળાના મંદબુદ્ધિ બાળકો ઝળક્યા




દક્ષિણામૂર્તિ ગિજુભાઈ બાલમંદિર ખાતે ડિસ્ટ્રિક્ટ સેકન્ડ ઓપન ટેબલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભાવનગરમાંથી ૪૭૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ સામાન્ય બાળકોની સાથે ૭ (સાત) શાળાના મંદબુદ્ધિ બાળકોએ પણ ભાગ લઈ સામાન્ય બાળકો સાથે સપર્ધા કરી, લોકોની ખૂબજ પ્રસંશા મેળવી હતી. આયોજક તરફથી દરેક બાળકોને સ્પોર્ટસ ટી-શર્ટ તથા બેગ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસિફખાન તથા શ્રી ફાતેમાબેને આ બાળકોને સતત પ્રેક્ટિસ કરાવેલ.

## પ્રદેશકક્ષાના લોકનૃત્ય સ્પર્ધામાં અંકુર શાળા પ્રથમ ક્રમાંકે




જિલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગ ભાવનગર કચેરી દ્વારા અમરેલી ખાતે, સૌરાષ્ટ્ર પ્રદેશકક્ષાના **ઉમંગ ઉત્સવ સ્પર્ધા : ૨૦૨૪-૨૫** યોજાયેલ. જેમાં શાળાએ લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી, અંકુર શાળા તથા ભાવનગરનું ગૌરવ વધારેલ. શાળાના શિક્ષક શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, શ્રી કોમલબેન રૂપેરા તથા શ્રી હરદીપભાઈ કામળિયાએ બાળકોને માર્ગદર્શન આપેલ.

## શાળાના બાળકો ક્રિકેટ ટુર્નામેન્ટમાં રનર્સઅપ વિજેતા




નવચેતન અંધજન મંડળ દ્વારા માધાપરના બળદિયા (કચ્છ) ખાતે મંદબુધ્ધિ બાળકોની રાજ્ય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયેલ. જેમાં શાળાની ટીમે સુંદર પર્ફોમન્સ કરી રનર્સઅપ વિજેતા થયેલ. ટીમને ટ્રોફી તથા રૂા. ૫,૦૦૦/- રોકડ પુરસ્કાર મળેલ. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસિફખાન તથા શિક્ષક શ્રી જયપાલસિંહ, શ્રી પારસભાઈ પરમાર, શ્રી હરદીપભાઈ કામળિયાએ આ બાળકોને સતત પ્રેક્ટિસ અને માર્ગદર્શન આપ્યું હતું.

## સ્વેટર તથા ધાબળા વિતરણ




દાતાશ્રીઓના સહયોગથી શાળાના ૨૦૬ બાળકોને ગરમ સ્વેટર આવ્યાં હતાં, તેમજ શાળાના વર્ગ-૪ના કર્મચારીઓને વલ્લભ યુથ ઓર્ગેનાઈજેશન (VYO) ભાવનગર તરફથી ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પતંગ વિતરણ

દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૮-૧-૨૫ ના રોજ ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય માનનીય શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને પતંગ-ફીરકી અને બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વસ્તુઓ મેળવીને બાળકો ખૂબજ આનંદિત થયા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત શાળાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહે કરેલ. સંચાલન શ્રી રેશ્માબેન શાહે અને સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કર્યુ હતું.




# શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન, શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

## વાઈબ્રન્ટ ભાવનગર - Vision 2030

તા. ૩ થી ૬ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન જવાહર મેદાન ખાતે વાઈબ્રન્ટ ભાવનગર Vision ૨૦૩૦ માં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા નિર્મિત તોરણ, પોટલીઓ, થેલીઓ, હેગિંગ, લાભ-શુભ, બોરિયા, મીણબત્તી, દિવાઓ, બ્રેસલેટ જેવી અનેક કલાત્મક અને નવીનતા પૂર્ણ વસ્તુઓનું એક્ઝિબિશન કમ સેલ રાખવામાં આવ્યું હતું.

જેની બહોળી સંખ્યામાં ભાવેણાવાસીઓએ મુલાકાત લઈ વસ્તુઓ ખરીદી મનોદિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. તેમજ વિશેષમાં આ કાર્યક્રમના ઉદ્ઘાટક ભાવનગરના સાસંદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નીમુબેન જે. બાંભણિયાએ શાળાના સ્ટોલની મુલાકાત લઈ મનોદિવ્યાંગ બાળકોના કૌશલ્ય તથા શિક્ષકોની મહેનતને બિરદાવી અને અભિનંદન પાઠવ્યાં હતાં.

# 1 થી 31 જાન્યુઆરી સુધીના દાતાઓની યાદી

PNR HOPE 4 ALL

**PNR SHAH SOCIETY**
**(80-G) Dt. 31-10-24 to 30-11-2024**

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • Shri K.N.Shah Charitable Trust C/O. National Colour Chem. Corp.-Mumbai | 9,493,465 |
| • Shri Vandanaben Balkrishnabhai Trivedi C/O. Balkrishnabhai Mohanbhai Trivedi-Rajula | 22,000 |
| • Well Wisher - Mumbai | 25,000 |
| • Shri Kalpana Arvindbhai Ganatra - Pune | 11,000.00 |
| • Dr. Bhumiba Gohil - Australia | 2,500 |
| • Shri Shreyas Pracharak Sabha - Mumbai | 86,000 |
| • Shri Sadiqalibhai I. Laxmidhar - Rajkot | 50,000 |
| • Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| • Shri Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| • Shri Harsha Sheth - Mumbai | 10,000 |
| • Shri Gaurav G. Kapadia - Mumbai | 1,00,000 |
| • Shri Vinod Amratlal Shah - Mumbai | 5,000 |
| • Shri Mrudula Ashwin Damani C/O. Damani Shipping Pvt. Ltd. - Mumbai | 15,000 |
| • Shri Hakani Rajeshbhai Nandlalbhai - Bhavnagar | 5,000 |
| • Shri Kirit Ravichandbhai Mehta - Bhavnagar | 6,000 |
| • Shri Amitbhai Manubhai Sheth C/O.National Colour Chem. Corp. - Surat | 50,000 |
| • Shri Vishal Narendrabhai Sheth- Surat | 50,000 |
| • Shri Madhukar Pandya - Australia | 10,000 |
| • Shri Damyantiben Shah - Mumbai | 10,000 |
| • Shri Nehalben Desai - Mumbai | 10,000 |
| • Shri Amiben Musle - Mumbai | 5,000 |
| • Shri Lilavati F. Sharma Charitable Trust C/O.Komalraj Transport - Bhavnagar | 5,00,000 |

**CSR**

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • M/S. Steckbeck Jewellery Pvt. Ltd. - Mumbai | 6,00,000 |
| • M/S. K. Uttamlal (Exports) Pvt. Ltd. - Mumbai | 25,000 |

**FCRA**

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • PNR-USA Foundation Inc. | 1,293,750 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • Late Shri Shambhubhai Vallabhbhai Algiya-Bhavnagar | 1,001 |
| • Late Shri Muktaben Shambhubhai Algiya-Bhavnagar | 1,001 |
| • Shri Bhushankumar Dilipbhai Algiya-Bhavnagar | 1,001 |
| • Shri Kavishaben Dilipbhai Algiya-Bhavnagar | 1,001 |
| • Shri Sangitabe Dilipbhai Algiya-Bhavnagar | 1001 |
| • Shri S And S Export - Mumbai | 7,000 |
| • Shri Saumya Thakkar - Bhavnagar | 21,000 |
| • Shri Akshayrajsinh Gohil - Bhavnagar | 6,000 |
| • Shri Rajulben Harshadbhai Modi - Bhavnagar | 5,000 |
| • Shri Oswal Welfare Charitable Trust-Mumbai | 25,000 |
| • Shri Bhumi Group (In Mem. Of Lt. Laxmanbhai Parmar) - Bhavnagar | 8,000 |
| • Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 7,000 |
| • Lt. Shri Lataben Pravinchandra Shah - Bhavnagar | 6,000 |
| • Lt. Shri Shushilaben Shah (Ex. Student) K L Institute For The Deaf - Bhavnagar | 5,000 |
| • Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| • Shri Mayank H Soniji & Chandrikaben Kapadiya - Bhavnagar | 15,300 |
| • Shri Mangal Keshav Capital Limited - Mumbai | 1,00,000 |
| • Shri V. N. Patel Charities - Mumbai | 7,000 |
| • Shri Mukeshbhai Oza - Mumbai | 50,000 |
| • Shri Bhavnaben Rameshbhai Vakan - Bhavnagar | 15,000 |
| • Shri Vardhman Satish Shah - Vadodara | 40,000 |
| • Shri Narayan Marine - Trapaj | 15,001 |
| • Shri Kirtikumar Vrajlal Shah - Bhavnagar | 2,000 |
| • Late Shri Baluben K. Shah - Bhavnagar | 4,000 |
| • Shri Hardik D. Dave - Kutch | 8,000 |
| • Shri Hareshbhai Hirjibhai Aghada-Bhavnagar | 5,100 |
| • Dr. Shri Kamleshbhai Shah - Bhavnagar | 6,500 |
| • Shri Ronak Dilipbhai Pandya - Bhavnagar | 5,000 |
| • Shri Harishbhai Rathod (In Mem. Of Lt.Kaushik K . Rathod) - Bhavnagar | 11,000 |
| • Shri Kinnari Patel & Mayank Vora - Bhavnagar | 4,000 |
| • Shri Pushprajsinh Chudasama - Bhavnagar | 6,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • Shri Rupa Prakash Gandhi - Mumbai | 2,00,000 |
| • Shri Arvindbhai Sanghavi - Mumbai | 60,000 |
| • Parv Metal Processing Co. - Rajkot | 51,000 |
| • Shri Soham Prafulchandra Patel - Ahmedabad | 50,000 |
| • Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 25,000 |
| • Gokul Traders - Mumbai | 22,000 |
| • Well Wisher - Bhavnagar | 21,002 |
| • Shri Hetal Nilesh Mehta - Mumbai | 21,000 |
| • Shri Jatinbhai Gujarati - Ahmedabad | 12,000 |
| • Shri Bhavesh M. Shah - Vadodara | 11,001 |
| • Sol Mobiles Private Limited - Mumbai | 11,000 |
| • Shri Jayesh Rasiklal Deliwala - Ahmedabad | 10,000 |
| • Shri Gautam R. Gariwala - Ahmedabad | 5,000 |
| • Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 5,000 |
| • Shri Kinnari Mukundrai Pandya - Bhavnagar | 5,000 |
| • Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 2,222 |
| • Shri Devang K. Pancholi - Bhavnagar | 2,100 |
| • Shri Dhavalkumar N. Patel - Mehsana | 2,100 |
| • Shri Jaypalsinh Jilubha Gohil - Bhavnagar | 2,064 |

## BHAVNAGAR NAVJAWAN SANGH V. C. Lodhawala & Pratapbhai Parekh Ploryclinic

| Doner Name | Amount (Rs) |
|---|---|
| • Shri Arunaben K. Shah - Mumbai | 24,650 |
| • Shri Vinodbhai A. Shah - Mumbai | 5,000 |
| • Shri Parasbhai C. Shah - Bhavnagar | 1,00,000 |
| • Shri Parasbhai C. Shah - Bhavnagar | 1,50,000 |

# PNR તસ્વીર સમાચાર



પ્રજાસત્તાક દિને સાંસ્કૃતિક કાર્યક્રમ...



નંદિનીબેન પી. દિવેટીઆ એવોર્ડથી સન્માનિત થતાં હિતેશ ઓઝા



હિયરીંગ એઈડ વિતરણ કરતાં શ્રી હર્ષાબેન હકાણી...



તળાજા રિસોર્સ સેન્ટર ખાતે પતંગોત્સવની ઉજવણી




મેગા એસેસમેન્ટ કેમ્પના ઉદ્દઘાટનમાં ઉપસ્થિત મહાનુભાવો



26મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનમાં ઉપસ્થિત મહાનુભાવો...

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 | Monthly Date Of Publication : 15 February 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001. Tel. : 91 - 22 - 22614505 / 06 / 07
E-mail : feedback@hindustanpencils.com